ત્રિમાસિક

# ગોરસ

વર્ષ-૧૨, સળંગ અંક-૪૭, પેઈજ-૪૦ તા. ૧ ફેબ્રુઆરી ૨૦૨૪

**સંપર્ક**

પ્રા. ડૉ. રમેશ પંડ્યા
૧૫–મોહનનગર સોસાયટી
મુ. ગઢડા(સ્વામીના)
જિ. બોટાદ

**:: સંપાદક મંડળ ::**

પ્રા. ડૉ. રમેશ પંડયા
મો. ૯૯૨૫૯૪૨૮૮૮

મહાવીરભાઈ ખાચર
મો. ૯૯૦૪૬૦૩૦૭૧

લક્ષ્મણ માંડાણી
મો. ૯૩૭૪૧૭૬૦૮૬

પ્રભાકર મોદી
મો. ૯૩૨૭૭૮૭૨૨૦

**:: મુદ્રણ સ્થાન ::**

સ્મૃતિ ઑફસેટ, સોનગઢ
મો. ૯૮૨૪૯ ૪૪૪૦૧

**: મૂલ્ય :**

અમૂલ્ય
નકલ :– ૭૦૦

## ‘રોટલો અને ઓટલો આપજો’

### આઈ સોનલમા (૧૯૫૯-૬૦)

મારા પિતાશ્રીએ મારાં માતુશ્રીને કહ્યું, ‘‘કાલે સવારે ચારણ માતા આઈ સોનલ ભાવનગર પધારવાના છે અને બપોરનું ભોજન આપણે ત્યાં જ કરશે તેથી તમે અને આમંત્રિત સ્ત્રીઓ મા સોનલ સાથે ભોજન કરજો અને આમંત્રિત પુરુષો સાથે હું જમવાનું જમવાના ઓરડામાં કરીશ. તમે સ્ત્રીઓ માટે ગાદી-તકિયા અને પાટલા બિછાવી આરસવાળી ઓસરીમાં ભોજન લેવા વ્યવસ્થા કરજો.’’ ભાવનગર નીલમબાગ પેલેસમાં જમવાના ઓરડા પાસે લાંબી ઓસરીમાં આરસ બિછાવેલો છે તેથી તે ઓસરીનું નામ ‘આરસવાળી ઓસરી’ પડી ગયું હતું. મારાં માતુશ્રી સંત મા આઈની પધરામણીના સમાચાર સાંભળી ખૂબ જ ખુશ થયાં. બાપુ અને મા આઈ સોનલની પ્રતીક્ષા કરતાં તેમને મનપસંદ અનુકૂળ ભોજન માટે તથા અન્ય વ્યવસ્થા માટે ઉત્સુકતાથી દરેક ક્ષેત્રે કાર્ય કરતા લોકોને કાર્ય સુપ્રત કરવા લાગ્યા.

પ્રથમ કેટલાક મહેમાનો પધારશે – આઈને આગમન સમયે કેવી ફૂલમાળા પહેરાવવી, તેમની સાથે આવેલા ભક્તજનને આવકાર આપી ક્યાં હાથ-મોં ધોવા લઈ જવા-આઈને મસાલેદાર દૂધ પીરસી અન્યને પણ મસાલેદાર દૂધ-ચા અને શરબત આપવાં, ભોજનમાં શું રસોઈ બનાવવી–આઈ પ્રવચન ક્યાં કરશે વગેરે સર્વ મંત્રણા–ચર્ચા ચાલી અને વ્યવસ્થિત રીતે દરેક ક્ષેત્રમાં પ્રવીણ કાર્યકર્તા લોકોને કાર્યની વ્યવસ્થા સોંપાઈ. મને આઈ સોનલમાને

બાજરાનો રોટલો પીરસવાનું કાર્ય અને જમતી વખતે તેઓને કોઈપણ વસ્તુ જોઈતી હોય તો તે ઉપલબ્ધ કરી તેની માંગને સંતોષવાનું કાર્ય સોંપાયું હતું. મારી ઉંમર પંદરેક વર્ષની હોઈ વ્યવસ્થામાં નાની જવાબદારીવાળું કામ સોંપી તાલીમ આપવાનું પ્રથમ સોપાન હતું. મને કાર્ય સોંપાતાં મારે માથે મોટી જવાબદારી આવી પડી તેવું મને જણાયું. પરંતુ જે કાર્ય સોંપાયું તે મારે બરોબર નિભાવવાનું હોઈ હું પણ કાર્યરત થઈ.

બીજે દિવસે સવારે નવ વાગ્યાથી આમંત્રિત મહાનુભાવો પધારવા લાગ્યા. તેઓને આવકાર આપી બેસવાના મોટા ઓરડામાં યોગ્ય સ્થાન અપાયું. મારા માતા-પિતા અને અમે સર્વ કુટુંબીજનો આઈ સોનલની પ્રતિક્ષા કરતાં વિશાળ બેસવાના ઓરડા પાસેના ચોકમાં હાજર હતાં. બરાબર સાડા નવ વાગ્યે મા સોનલની મોટરગાડી આવી ઊભી. મોટરગાડીમાં પાછળ બિરાજેલાં મા સોનલનો દરવાજો દરવાને હળવેકથી ખોલ્યો અને મા સોનલને દરવાને પ્રણામ કર્યા. મા સોનલ સ્મિત કરતાં ગાડીમાંથી ઊતર્યા. મારાં માતુશ્રીએ સુંદર પુષ્પોનો હાર માને પહેરાવ્યો અને ચરણોમાં વંદન કર્યા. પિતાશ્રીએ હરખાઈને માને પ્રણામ કર્યા અને ઘર આંગણે પધારેલા સંતોએ માને ‘‘પધારો અમારું આંગણું પાવન કરો’’ કહી નમન કર્યાં. અમે સર્વ કુટુંબીસભ્યોએ પણ મા આઈને પ્રણામ કર્યા. સોનલમા દરેકને સ્મિત કરી આશીર્વાદ દેતાં વિશાળ બેસવાના ઓરડામાં પ્રવેશ્યા. આગંતુક સર્વ મહાનુભાવોએ ઊભા થઈ માને આવકાર આપ્યો અને મા આઈ બિરાજમાન થયા પછી સર્વે મહેમાનોએ વારાફરતી આવી માને પ્રણામ કર્યા અને કોઈ કોઈ લોકોએ હારમાળા પણ અર્પણ કરી.

છટાદાર ચાલ, જાજરમાન પ્રતિભાશાળી અને અસલ ચારણી પોશાકમાં સજ્જ મા શોભતાં હતાં. તેમનો મીઠો બુલંદ અવાજ અને સશક્ત પડછંદ કાયા છતાં સૌમ્ય, નમ્ર અને શાંત દેખાવથી અમે પ્રભાવિત થયાં. અસલ તળપદી કાઠિયાવાડી ગુજરાતી ભાષામાં બોલતાં માના એકેએક શબ્દો મીઠા અને વજનદાર ભાવપૂર્ણ હતા. સોનેરી ઘઉંવર્ણની કાયા પર લીલાંછમ છૂંદણા અને કાળી કામળી, પાટી પાડેલા શ્યામ લાંબા કેશ અને આભૂષણમાં કડલાં અનેરી શોભા દેતાં હતાં.

મા આઈ માટે મસાલેદાર દૂધ પીરસાણાં અને સર્વ મહેમાનોને પણ મસાલેદાર દૂધ-ચા-શરબત આપી આવકાર અપાયો. મારાં માતા-પિતા અને કુટુંબીજનો તથા અન્ય ઉપસ્થિત મહાનુભાવો સાથે આશીર્વાદ દેતાં મા આઈ સર્વના ખબરઅંતર પૂછતાં હતાં. થોડા સમય બાદ મા આઈ સોનલે પોતાના મધુર બુલંદ અવાજથી ચારણી ઢબથી દોહા અને છંદ બોલી ભજન લલકાર્યું અને સર્વને મંત્રમુગ્ધ કરી દીધાં. તેમની ગાવાની ઢબ અને છટા અનેરાં હતાં. મારા પિતાશ્રીએ તેમની સરાહના કરતાં કંઈ ઉપદેશ વચન કહેવા વિનંતી કરી.

મા સોનલે કહ્યું, ‘‘મને મોટાં ભાષણો કરતાં આવડતું નથી, તેથી સંક્ષિપ્તમાં બોલીશ.’’ પ્રેમાળ આઈ સોનલે તળપદી કાઠીયાવાડી ગુજરાતી ભાષામાં બુલંદ અવાજે કહ્યું, ‘‘ઈશ્વરે જે વસ્તુ ઘડી છે તે સંપૂર્ણ અને સ્થાનને અનુરૂપ ઘડી છે—જેમકે પ્રભુએ હાથીને મોટા બે દાંત ‘દંતશૂળ’ આપ્યા છે તે હાથીની શોભા છે. પરંતુ

તેવા જ દાંત નારીને આપ્યા હોત તો કેટલી કદરૂપી લાગત! તેથી ઈશ્વરે ઘડેલ સર્વ વસ્તુ અને ઈશ્વરે આપેલ સ્થાન યોગ્ય જ હોય છે પણ સર્વસંપન્ન ઈશ્વરને શોધવા આસાન નથી. ઈશ્વરે એવી વસ્તુ પણ બનાવી છે જે મનુષ્યોએ મહેનતથી ખોળી—તેને અનુરૂપ સ્થાન પર નિયુક્ત કરી તેની મહત્તા વધારીને તેનો આનંદ લેવાનો છે. જેમકે મહેનતથી ખાણ ખોદી-પત્થરના સ્વરૂપમાં હીરાને શોધી - તેના પાસા પાડી ઘડી ચમકતો હીરો બનાવવો પડે છે — વળી તે આભૂષણમાં કે માતાજીના મૂગટમાં હોય તો યોગ્યતા મૂજબ તેનું સ્થાન ઉચ્ચ બને છે. તેમજ મનુષ્યે ખાણરૂપી અંતરમાં છુપાયેલા હીરા જેવા ઈશ્વરને શોધી - ભક્તિ અને શ્રદ્ધારૂપી પાસા પાડી એને ચમકાવી જ્ઞાનબુદ્ધિથી એને મનમાં વસાવી ચિત્તમાં પધરાવી જીવનને પ્રકાશિત કરવું ઘટે.

ઈશ્વરે જે જે વસ્તુ માનવીને આપી છે તેમાં સંતોષ માની જીવન જીવવું જોઈએ — તેનો અર્થ એવો નથી કે મનુષ્યે પ્રયત્ન ન કરવો— પરંતુ પ્રયત્નથી જે તમે કમાણી કરો તે ત્યારે જ શુદ્ધ અને પાવન બને છે કે જ્યારે તેનો હિસ્સો કે ભાગ તમે યોગ્ય સ્થાને દાનમાં આપો - કારણ કે, તમે કરેલ કમાણીનું ધન કે તમારા ગ્રાહકનું ધન કેવા છે અને ક્યાંથી આવ્યાં છે તે તમને ખબર નથી. તેથી પ્રાપ્ત ધન-વસ્ત્ર-અન્ન વગેરે સર્વ વસ્તુ મેળવીને તેનો અંશ માત્ર હિસ્સો જરૂરતમંદ લોકોને આપો, અને તેમના આશીર્વાદ મેળવો તો પ્રાપ્ત ધનની શુદ્ધિ થશે અને તેવું ધન લાંબું ટકી તમારા ફરજંદને પણ સુખ આપશે—ખોટી કમાણીનું અન્ન તમે ખાશો તો તમારું લોહી પણ અશુદ્ધ બનશે - તેથી ભૂખ્યાને રોટલો આપી તેનું પેટ ઠારશો તો તમને ઈશ્વર ભૂખ્યા નહીં રાખે —બેસહારા લોકોને આશરો કે ઓટલો આપશો તો તેઓના દુખણાં તમારાં દુઃખ દૂર કરશે — પશુને ચારો, પંખીને ચણ આપો તો અબોલ જીવના આશીર્વાદ તમને સુખી કરશે. તેઓનો આત્મા સંતોષાશે તો તમારો જીવ આત્મા પણ સંતોષાશે. વળી દાનનો મહિમા ત્યારે છે કે તમે કરેલું દાન ગુપ્ત રાખો, ઢંઢેરો પીટીને તમારા દાનની વાહવાહ કરશો તો લોકો તમારા વખાણ કરી તમને અહંકારી-સ્વચ્છંદી-ઘમંડી બનાવી દેશે અને દાન ગુપ્ત રાખશો તો તમારો અહંકાર નહીં વધતાં તમે નમ્ર બનશો તેમાં જ તમારી શોભા છે અને તેમાં તમારી ખ્યાતિ છે.

મારા પિતાશ્રીને સંબોધી મા આઈએ કહ્યું, ‘‘આજે બાપુનો આશરો લઈ, બાપુ પાસે રોટલો ખાઈને જઈશ — બાપુ તમને મારા આશિષ — સહુને રોટલો અને ઓટલો દેજો તેટલું જ મારે કહેવાનું’’ મા આઈએ હસીને પોતાનું વ્યાખ્યાન પૂર્ણ કર્યું.

આઈને બાપુએ પ્રણામ કર્યા અને મને સંકેત કર્યો કે જમવાનું તૈયાર કરો — હું તુરંત વ્યવસ્થા કરવા ચાલી ગઈ — દસેક મિનિટમાં મારાં માતા આઈને લઈ આરસવાળી ઓસરીમાં પધાર્યા. માને હાથ-મોં ધોવા વ્યવસ્થા કરી અને ત્યારબાદ પાથરેલા ગાદી-તકિયા પર મા જમવા બિરાજ્યાં — તેમનાથી થોડું અંતર રાખી મારાં માતુશ્રી અને અન્ય કુટુંબનાં સ્ત્રી પરિવારજનો બેઠાં અને આગંતુક સ્ત્રીવર્ગનાં સભ્યો બિરાજમાન થયાં — દરેકનાં સ્થાન આગળ

રાખેલ પાટલા પર થાળીમાં વાટકા ભરી શાક-દાળ પીરસાણાં તથા મિઠાઈ, ફરસાણ, અથાણાં, પાપડ, કચુંબર, દહીં, રાયતું વગેરે પીરસાણાં તથા પાણી-છાશ પણ પીરસ્યાં – માતાજીને પસંદ તાજું શ્વેત માખણ અને દેશી ગોળ પીરસ્યા. હું ગરમા ગરમ બાજરાનો રોટલો લઈ મા આઈને પીરસવા લાગી – આઈ માએ ડાબે હાથે મારા હાથ પકડી રાખી જમણે હાથે પીરસેલ રોટલાનું બટકું તોડી તે પર માખણ અને ગોળ મૂકી મને કોળિયો આપ્યો અને વહાલથી આશીર્વાદ આપી મને કહ્યું, "બેટા મોટી થઈ રોટલો અને ઓટલો આપજે હા—તારું માતાજી કલ્યાણ કરશે." હર્ષઘેલી થઈ હું રોટલાનું બટકું ખાઈ ગઈ અને આઈ માને પ્રણામ કર્યા—આગ્રહ કરીને માને મેં રોટલા જમાડ્યા અને તેમાં મને ઘણો આનંદ આવ્યો.

પુરુષ વર્ગ પણ જમવાના ઓરડામાં જમવા લાગ્યા. આઈ જમી ઊતર્યા પછી હાથ-મોં ધોઈ મારા માતા-પિતા અને સર્વ કુટુંબીજનો તથા ઉપસ્થિત મહાનુભાવોને આશીર્વાદ દઈ પોતાની મોટરગાડીમાં મા આઈ પધારી ગયાં.

ભિન્ન ભિન્ન ક્ષેત્રે દાન દેવાથી તન,મન, ધન અને ચિત્તથી શુદ્ધિ થાય છે. ઈશ્વરે આપેલા ધનથી પ્રાપ્ત વસ્ત્ર-અન્ન-જ્ઞાન અને તેવાં દાન વગેરેનો મહિમા મા આઈ સોનલે સરળતાથી સમજાવ્યો—અહંકાર, મદ વિના ગુપ્તદાનથી થતા બમણા લાભ પણ કહી સંભળાવ્યા.

સ્ત્રીસંત રત્નમાં ગૌરવભર્યા મા આઈ સોનલે મારી ઉપર ખૂબ જ ઊંડી છાપ પાડી અને તેમના સ્પષ્ટ-સચોટ-બુલંદ કંઠના સુરીલા ભજનો-દોહા અને છંદોનો પ્રભાવ આજે પણ મનમાં ગુંજતો જણાય છે—મારાં અહોભાગ્ય છે કે તેમના હાથે જમાડેલ રોટલો મેં ખાધો અને મારા સદ્‌નસીબે મેં પણ તેમને રોટલો પીરસી જમાડ્યાં.

* * *

## રોમ રોમમાં રામ

### શ્રી રામસ્નેહીબાબા (૧૯૬૮-૬૯)

MRC 4322 ફીયેટ મોટરગાડીમાં મારાં માતુશ્રી, મારા પતિ, ડ્રાઈવર અને હું અમે ચાર મુંબઈથી મધ્યપ્રદેશ જવા રવાના થયાં. પ્રથમ અમે અકોલા આવી ત્યાં રાતવાસો કરવા એક નાની પણ સ્વચ્છ હોટલમાં રોકાયાં. રાત્રિભોજન પણ ત્યાં જ કરી થાક્યાપાક્યા અમે અમારા ઓરડામાં જઈ ઊંઘી ગયાં.

બીજે દિવસે સવારે મોટરગાડીમાં પેટ્રોલ વગેરે પૂરાવી ગાડીના પૈડામાં હવા ભરાવી, જબલપુર જવા તૈયારી કરી. અમે પણ સ્વસ્થ થઈ નાહી-ધોઈ, ચા નાસ્તો કરી નિશ્ચિ સ્થળે જવા રવાના થયા. મધ્યપ્રદેશના ગાઢ લીલાંછમ સાગના વૃક્ષોનાં જંગલો અને વનરાજીની સહેલ કરતાં જંગલની મધુર સુગંધિત હવા માણતાં અમે જબલપુર પહોંચ્યાં. ત્યાં પણ નાની સ્વચ્છ હોટલમાં બે-ત્રણ રાત રોકાવાનું આયોજન કર્યું અને ત્યાં ચા-પાણી પીને સ્વસ્થ થયાં. થોડો આરામ કર્યા બાદ મોડી સાંજના સમયમાં જબલપુરના વિખ્યાત આરસપહાણના પહાડો અને નર્મદા નદીની સહેલ કરવા અમે અમારી મોટર ગાડીમાં નીકળ્યાં. અડધોએક કલાક મુસાફરી બાદ નર્મદા કિનારે ઘાટ પર પહોંચ્યા.

પૂર્ણિમાની તે રમ્ય રાતનું ચિત્ર આજે પણ

જાણે પુનઃ નજરો સમક્ષ નિહાળતા હોઈ તેવું તાજું દશ્ય ખૂબ જ મધુર લાગે છે. તે રોમાંચિત અનુભૂતિ કે ઘટનાની યાદ એક સ્વપ્ન નિહાળતાં હોઈએ તેવી આજે પણ તાદશ્ય લાગે છે. રેવાના કિનારે હલેસાંથી ચાલતી નાવ રોકી. સરિતાના એ શીતળ સૌમ્ય જળ અને વિશાળ પટ પર અમારી નાનકડી હોડી હળવે હળવે ચાલી રહી હતી. મંજુલ- મૃદુલ મંદ સમીર, પક્ષીઓનો મધુર કલરવ વચ્ચે સંગેમરમરની ધવલ ભેખડોને, પહાડોની કોતરોને વીંધતી-ભેદતી અમારી નાવ પસાર થતી હતી. પૂર્ણિમાની રૂપેરી ચાંદનીની ચાદર ઓઢી કંઈક મસ્તી ભરી સંતાકૂકડી કરતી વાદળીઓના તથા પહાડો અને વૃક્ષોના પ્રતિબિંબ ઝીલતી નર્મદાનાં જળને ભેદતી નાવ જાણે એના જળ સાથે મર્મગોષ્ઠિ કરતી હોય તેવું લાગતું હતું. આનંદના એ અનુભવ સાથે અમે એકાદ કલાક માટે જાણે માતા નર્મદાના ખોળામાં ખોવાઈ ગયાં

કિનારા પર આવતાં હોડીવાળાને બક્ષિસ આપી. હોડીવાળાએ ખુશ થઈ ફરી આમંત્રિત કર્યા કે નર્મદાના સંગેમરમરની કોતરોની સહેલ કરવા ફરી આવજો. ઘાટના થોડા પગથિયાં ચડી અમારી મોટરગાડી તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં સંગેમરમરની કલાકૃતિ વેચતા અનેક લોકો પાસેથી મનપસંદ વસ્તુની ખરીદી કરી અને તે સ્થળથી આશરે ત્રણ-ચાર કિલોમીટર પર રહેતા સંત શ્રી રામ સ્નેહીબાબાની મઢીએ જવાના રસ્તાની પૂછતાછ કરી.

રાતના સમયમાં જવું ઉચિત ન સમજતાં બીજે દિવસે તેઓશ્રીનાં દર્શન કરવાનું નિરધાર્યું અને અમે અમારા મુકામે હોટલ તરફ જવા મોટરગાડીમાં બેસી રવાના થયાં. હોટલે પહોંચી હાથ-મોં ધોઈ, ભોજન કરી થોડો સમય નર્મદાની સહેલની વાતો કરતાં કરતાં અમારા ઓરડામાં જઈ નિદ્રાધીન થઈ ગયાં.

બીજે દિવસે સવારે નાહી-ધોઈ, ચા-નાસ્તો કરી સ્વસ્થ થઈ અમે શ્રી રામસ્નેહી બાબાના દર્શને જવા અમારી મોટર ગાડીમાં નીકળી પડ્યાં. પાકી સડકથી દૂર થોડે અંતરે કાચી સડક પર ચારેક કિલોમીટર પર સંતની ઝૂંપડી દેખાઈ. ઝૂંપડી ફરતું વાળીચોળીને સાફ સુથરું કરેલ ફળિયું હતું. જે કાંટાની વાડથી સુરક્ષિત હતું. વાંસના ટેકાથી ઊભેલું સૂકા ઘાસથી ગૂંથેલું એ વ્યવસ્થિત સુંદર નાનું ઝૂંપડું હતું. તેનું છાપરું પણ તેવું જ સૂકા ઘાસનું હતું. અને તેવી જ રીતે વાંસની પટ્ટીઓ ને સૂકા ઘાસથી ગુંથેલ ચોખટથી બનાવેલા દરવાજા અને બારી હતાં. મઢીથી થોડે દૂર મેટરગાડી રોકી અમે પગપાળા ફળિયું વીંધતાં મઢીના મુખ્ય દ્વાર સમીપ પહોંચ્યાં. મુખ્ય દરવાજો દૂરથી ખુલ્લો દેખાતો હતો. અમને દરવાજા પાસે જતા જોઈ બાબાજીનો શિષ્ય અમારી તરફ ઝડપથી દોડી આવ્યો. સશક્ત ભગવા વસ્ત્રધારી, કાળી નાની દાઢી અને જટા, શરીરે ભસ્મ લગાવેલ અને પગમાં ચાખડી ધારણ કરેલા તે શાંત દેખાતા શિષ્યે અમને પ્રણામ કર્યા. અમે પણ તેમને વંદન કર્યા. અમારો પરિચય આપતાં મેં કહ્યું (હિન્દીમાં) ‘‘અમો મુંબઈથી આવીએ છીએ અને બાબાજીનાં દર્શન માટે ઉત્સુક છીએ.’’ સાથે અમારો ટૂંકો પરિચય આપ્યો. અમારી વાત સાંભળી શિષ્ય અમને દરવાજા પાસે બહાર ઊભા રાખી બાબાજીને સંદેશો આપવા

ઝડપથી મઢીમાં ચાલ્યો ગયો. થોડી જ વારમાં બહાર આવી અમને (હિન્દીમાં) કહ્યું, "અંદર પધારો—બાબા બોલાવે છે." જાણે લાંબી પ્રતિક્ષાનો અંત આવ્યો હોય તેમ ચિત્ત આનંદિત થઈ ઉઠ્યું. અમે ઝૂંપડીમાં હળવેકથી પ્રવેશ્યાં.

શ્રી રામસ્નેહી બાબા શરીરે ભસ્મનું લેપન કરી માત્ર કૌપીન ધારણ કરી પલાંઠી મારી આસનસ્થ હતા. સફેદ અને થોડી કાળી લાંબી દાઢી તથા બાંધેલ જટા, હાથમાં રુદ્રાક્ષની લાંબી માળા સાથે સંત શાંતચિત્તે બેઠા હતા. બાજુમાં ધુણીનો મંદ અગ્નિનો કેસરી પ્રકાશ રાખમાંથી ઝબકારા મારતો ડોકિયાં કરતો હતો, તેની બાજુમાં ચારેક ફૂટનું જમીનમાં ખોદેલું ત્રિશૂલ અંધારામાં પણ ચમકતું હતુ. બાબાની ઝૂંપડી નાની હતી તેથી તેમની સન્મુખ માત્ર ચારેક લોકો બેસી શકે તેટલી જ જગ્યા હતી. બાબાએ પ્રેમથી સ્મિત કરી અમને આવકાર આપ્યો અને તેમની સન્મુખ બેસવા કહ્યું. પ્રણામ કરી અમે તેમની સામે સમીપે પાથરેલા ચટ્ટાઈના આસન પર બેઠા. અમે અમારો પરિચય આપ્યો. બાબાએ સાદ પાડી શિષ્યને બોલાવ્યો અને અમને ચા આપવા આદેશ કર્યો.

શ્રી રામસ્નેહી બાબા અવિરત રામ-રામ-રામનું રટણ કરતા હતા. પાંચેક મિનિટ શાંતિથી તેમનું રટણ અમે સાંભળ્યું. બાબાએ પ્લાસ્ટીકની એક સફેદ પાતળી ભૂંગળી જે આશરે ત્રણ-ચાર ફૂટ લાંબી હશે તેનો એક છેડો મારાં માતુશ્રીને આપ્યો અને હિન્દીમાં કહયું, "કાન પાસે રાખી સાંભળો." ભૂંગળીનો બીજો છેડો હોઠ પાસે રાખી બાબા તે ભૂંગળીમાં ઝડપથી રામ રામ રામનો જપ કરવા લાગ્યા. થોડીવાર પછી ઈશારાથી મારાં માતુશ્રીને દર્શાવ્યું કે, તે ભૂંગળી મારા પતિને આપે. પછી થોડીવાર મારા પતિએ તે ભૂંગળી કાન પાસે રાખી રામ નામનું રટણ સાંભળ્યું અને છેલ્લે તે ભૂંગળી મારા પતિએ મને આપી અને મેં પણ તે ભૂંગળી દ્વારા કાનમાં રામ નામનો જપ સાંભળ્યો. મને એવો આભાસ થયો જાણે ઉંડે ઊંડે રામનામના જપનો ધ્વનિ સંભળાતો હતો અને તે એટલો પ્રબળ હતો કે ખરેખર તે ધ્વનિના કંપથી રોમ રોમમાં રામ વસતો જણાયો. બાબાજીએ જપ બંધ કરી અમને સંબોધી હિન્દીમાં કહ્યું, "બોલો રામનામનો ધ્વનિ અને તેના કંપની ઊર્જાને કારણે તમારા રોમે રોમમાં રામ વસેલો જણાયો કે નહીં? ખરેખર જપ પૂરો થયો હતો છતાં તેના ભણકારનો ગુંજારવ કાનમાં "રામ રામ રામ" રામનામ જપ હજુ પણ સંભળાતો હતો.

બાબાએ ફરી અમને ઉદ્દેશી હિન્દીમાં સંવાદ ચાલું રાખતાં કહ્યું, "કલિયુગમાં જપનો મહિમા અધિક છે કારણ કે જપ ક્યારેય પણ કરી શકાય છે. જ્યારે ધ્યાન કીર્તન ભજન વગેરે માટે નિશ્ચિત સમય જરૂરી છે. જોકે જપ માટે પણ તમારે નિશ્ચિત સમય ફાળવવો તો જોઈએ, તેમ છતાં આખો દિવસ ઊઠતાં-બેસતાં-સૂતાં-હરતાં-ફરતાં તમે સહેલાઈથી જપ કરી શકો છો. એમ અનેકવાર જપ કે ઈશ્વરનું રટણ થઈ શકે છે. મનમાં કે બોલીને બંને રીતે જપ થાય છે. "રામે રમંતી ઈતિ રામ" અર્થાત્ જીવ-પ્રાણ-ઈશ્વર જે રામ છે તે તમારા શરીરમાં વસેલો, રમંતો છે. અવિરત જપ તમે કરશો તેમ તેમ સમજાશે કે તમે હળવે હળવે રામમય બની રહ્યાં છો. સહજતાથી ધ્યાનમાં પ્રવેશી લીન,

એકમગ્ન બનશો તો વાલ્મિકી મુનિ જેમ રામના જપ રટણ કરતાં એકચિત્ત થઈ ગયેલા અને એમની પર રાફડો થઈ ગયેલો છતાં તેમને જપની મગ્નતામાં તેનું ભાન થયું ન હતું તેવો જ અનુભવ પામશો. તન્મયતાથી રામનામમાં રહેશો તો તમારી ભક્તિ પર રામે પ્રસન્ન થવું જ પડશે. એનાં દર્શનથી માત્ર તમે તો શું, તમારા કુળનો પણ તમે ઉદ્ધાર કરી શકશો! ફક્ત શ્રદ્ધા ને ભક્તિથી રોમ રોમમાં રામ વસવો જોઈએ.''

જપનો મહિમા સમજાવતો, જપથી સિદ્ધિ પ્રાપ્તિ કરવાનો બાબાજીનો ઉપદેશ હતો. સૌ સામાન્યજન માટે સહેલાઈથી, સરળતાથી, નિશ્ચિતપણે ઈશ્વરપ્રાપ્તિ માટેનો માર્ગ એટલે શ્રદ્ધા ભક્તિપૂર્ણ ઈશ્વરનામ જપો.

ઈશ્વર સુધી પહોંચવાના કે ઈશ્વરને પ્રાપ્ત કરવાના અનેક માર્ગો શાસ્ત્રમાં દર્શાવેલા છે પરંતુ શ્રદ્ધા ને ભક્તિથી જપનો માર્ગ સરળ અને સાદો છે. અવિરત જપથી, ગુંજનથી મન ધ્યાનસ્થ થાય છે. વાતાવરણ શુદ્ધ અને પાવન થાય છે અને મન પવિત્ર થાય છે. રામનામના પવિત્ર જપની ઊર્જામાં એટલી તો શક્તિ છે જે ગમે તેવા કલુષિત અને મલિન વાતાવરણને પણ પાવન બનાવે છે. મન અને ચિત્તમાં શાંતિ પ્રસરે છે. જેથી ત્યાં ઈશ્વરની અનુભૂતિ થતાં અલૌકિક શક્તિ તેજ પ્રસરે છે અને તેથી જગતના અન્ય પ્રાણીઓને પણ તેની અસર થાય છે અને જટિલ જણાતા પ્રશ્નો માટે માર્ગદર્શન-મદદ આપોઆપ મળે છે. આમ ઉચ્ચતર જીવન જીવવા માટેના પ્રેરણાસ્રોત, સફળતાના શિખર, સિદ્ધિના આધારસ્તંભ, જગતના ઉદ્ધારક રૂપે રહેલ, સુખ શાંતિ, પ્રેમ અને પવિત્રતાની પ્રાપ્તિસ્થાન એવી રામનામના જપની શક્તિ શ્રી રામસ્નેહી બાબાએ સમજાવી.

શિષ્ય ચા લઈ આવ્યો—ચા પીને બાબાજીને પ્રણામ કરી અમે ત્યાંથી વિદાય લીધી. સાથે લાવેલાં ફળો બાબાજીને અર્પણ કરેલાં હતાં, તેમાંથી એક એક ફળ બાબાએ અમને પ્રસાદરૂપે આપ્યું. આશીર્વાદ લઈ અમે વિદાય લીધી. અમારી એક કલાકની મુલાકાતના સમાગમનો અંત આવ્યો. પરંતુ બાબાજીનો સંદેશો અમારી સાથે જ જિંદગી પર્યંત વણાઈ ગયો.

હોટલમાં આવી બાબાની વાતો કરતાં અમે દિવસ ગાળ્યો. રાત્રિના વિરામ પછી ત્રીજે દિવસે સંતની યાદગાર સ્મૃતિ લઈ જબલપુરથી વિદાય લીધી. સાભાર : અલખના ઓવારેથી

લે. રોહિણીદેવી જાડેજા

---

(અનુસંધાન પાના નં. ૩૭ નું ચાલુ)

''અરે, મહાત્મા, હું તો અહીં પ્રવાસી છું.' મહેમાન બોલ્યા.

'હું પણ...' સંત સંતોષથી બોલ્યા.

(આમ જોઈએ તો આપણે સહુ પ્રવાસીઓ જ છીએ. એ સમજવામાં જ ચતુરાઈ છે. સંસ્કૃતના શ્લોક મુજબ 'ઈદં એવ હી પાંડિત્યં.')

સાભાર : વીણેલાં મોતી, સંકલન : સુનિલ હાન્ડા, ભાવાનુવાદ : સોનલ મોદી

---

● દયાથી ઊભરાતું હૃદય એજ મુખ્ય સંપતિ છે : ભૌતિક સમૃધ્ધિ તો નીચ માણસો પાસે પણ હોય છે.

● જયારે તને નબળાને પીડવાનું મન થાય ત્યારે અધિક બળવાન આગળ ભયથી કંપતા તને અંદરથી કેવું લાગતું હતું તે યાદ કરજે.

સાભાર : કુરળ લે. સંત તિરૂવલ્લુવર, ભાવાનુવાદ : કાંતિલાલ કાલાણી (ગોરસ ભાગ–૧, પેજ ૨૦૫)

# આસ્થાનો દીવો

ઈશ્વર છે કે નથી એ બાબતમાં ઘણા વાદવિવાદ થયા છે. આપણે ત્યાં બુદ્ધ અને મહાવીર ઈશ્વરમાં માનતા નથી. તેમના વ્યાખ્યાનોમાં ક્યાંય ઈશ્વરનો ઉલ્લેખ આવતો નથી.

આ ઘટના બંગાળમાં બની હતી. કેવશચંદ્ર સેન એક મહાન તર્કશાસ્ત્રી હતા. તેઓ માનતા હતા કે ઈશ્વર જેવી કોઈ ચીજ નથી. રામકૃષ્ણ પરમહંસ ઈશ્વરને માનતા હતા.

એકવાર એવું બન્યું કે કેશવચંદ્ર સેન ''ઈશ્વર નથી'' એમ પુરવાર કરવા સંત-શિરોમણિ રામકૃષ્ણ પરમહંસ પાસે ગયા અને એ બાબત વિવાદ કરવા લાગ્યા. કેશવચંદ્રસેનને એમ હતું કે રામકૃષ્ણ પરમહંસ ઈશ્વર છે એ બાબત દલીલો કરશે અને વિવાદમાં ઊતરશે.

પરંતુ કેશવચંદ્રને નવાઈ લાગી કે રામકૃષ્ણે કોઈ વિવાદ જ ન કર્યો. એથી કેશવચંદ્રે ધાર્યું હતું એના કરતાં ઊલટું પરિણામ આવ્યું. કેશવચંદ્રે ઈશ્વર નથી એ પુરવાર કરવા અનેક દૃષ્ટાંતો રજૂ કર્યા. સભા હકડેઠઠ ભરાઈ હતી. કેશવચંદ્ર વિવિધ રીતે દાખલા-દલીલ સાથે પોતાના તર્ક રજૂ કરવા લાગ્યા. લોકોને ઉત્સુકતા થઈ કે હવે રામકૃષ્ણ શો જવાબ આપે છે.

રામકૃષ્ણે કોઈ દલીલ ન કરી. કેશવચંદ્રના તર્કનો કોઈ વિરોધ ન કર્યો. એથી ઊલટું દરેક તર્ક પર ઊઠીઊઠીને તેમને ભેટી પડવા લાગ્યા અને કહેવા લાગ્યા : ''વાહવાહ! બિલકુલ સાચી વાત કરી!''

કોઈ વિરોધ નહીં, કોઈ પ્રતિરોધ નહીં, કોઈ દલીલ નહીં !

થોડીવારમાં કેશવચંદ્ર સેન મુંઝાઈ ગયા. તેમને થયું કે હવે શું કરવું? તેમને ખાતરી હતી કે વિવાદમાં પોતે રામકૃષ્ણ પરમહંસને હરાવી દેશે. રામકૃષ્ણના પરાજયને જોવા માટે અસંખ્ય લોકો ત્યાં એકઠા થયા હતા. એ બધા લોકો પણ બેચેન થઈ ગયા. રામકૃષ્ણ જરાય વિચલિત થયા વિના કેશવચંદ્રની દલીલનાં વખાણ કરતા હતા.

અંતે કેશવચંદ્ર સેન થાક્યા. તેમણે રામકૃષ્ણને પૂછ્યું : ''શું આપ કબૂલ કરો છો કે ઈશ્વર નથી? આપ મારી તમામ દલીલોને માન્ય કરો છે? મેં જે જે રજૂઆત કરી એ બધી જ બાબતમાં આપ હા પાડો છો, તો આપ પરાજયનો સ્વીકાર કરો છો? હું ભારપૂર્વક એમ કહું છું કે ઈશ્વર નથી, તો આપ એ વાત સ્વીકારો છો? શું આપ મારી સામે હારી ગયા છો?''

રામકૃષ્ણે હસીને જવાબ આપ્યો : ''મેં ક્યારેય દાવો જ ક્યાં કર્યો છે તમને જીતવાનો? તમે મહાન પ્રતિભાશાળી વ્યક્તિ છો. તમને મારા જેવો ગમાર કેવી રીતે જીતી શકે? હું તો અભણ માણસ છું. હું કંઈ ભણ્યોગણ્યો નથી. પરમાત્માની બહુ મહાન પ્રતિભા મારા દ્વારા પ્રગટ નથી થતી, પરંતુ તમારા દ્વારા એ સારી રીતે પ્રગટ થાય છે. તમને જોઈને હવે મને પાકી શ્રદ્ધા બેસી ગઈ કે ઈશ્વર છે, પરમાત્મા છે. આટલી ગજબનાક પ્રતિભા ! આટલા મહાન તર્ક ! કેવી ગજબની વાતો તમે કરી ! જ્યાં આટલી પ્રતિભા હોય ત્યાં પરમાત્મા હોવા જ જોઈએ ! તે વગર

(અનુસંધાન પાના નં. ૧૪ ઉપર)

# માબાપ ડિક્ટેટર ન બને

**Parentage is a very important profession but no test of fitness for it ever imposed in the interest of the children. –George Bernard Shaw**

**Resistance to tyrants is obedience to God. –Thomas Jefferson**

**Experience is a comb witch nature gives to man when they are bald. –Chiness Proverb**

ટેલિવિઝનમાં હોમ ટીવીના 'મલ્લિકા' શોમાં પાંચ જુલાઈ ૧૯૯૬ના કાર્યક્રમમાં યુવક-યુવતીનાં માબાપે બાળકોની કારકિર્દી નક્કી કરવી કે બાળકોની રુચિ પર વાત છોડવી તેની મજેદાર ચર્ચા હતી. તેમાં દિલ્હીના કર્નલ શર્મા નિવૃત્ત થઈને મોટો બિઝનેસ સ્થાપી ચૂકેલા. તેનો યુવાન પુત્ર રેવનીત શર્મા કેમેરા સામે પિતાની સામે ખુલ્લો બળવો કરીને બોલતો હતો એ જોઈને ભારતની યુવા પેઢી માટે માન થયું. કર્નલ શર્મા તેના પુત્રને બિઝનેસમાં જોડાવા માટે દબાણ કરે છે. પુત્રને તો પોતાની રુચિ પ્રમાણે ટીવી મીડિયાની તાલીમ લેવી છે. કર્નલની દલીલ હતી કે આખું બિઝનેસ એસ્ટાબ્લિશમેન્ટ તૈયાર છે. મારો અનુભવ છે તે પુત્રને બધું રેડીમેડ મળશે. રેવનીત શર્માને આ બધું તૈયાર જોઈતું નહોતું. પોતાની રુચિની કારકિર્દીમાં જવું હતું અને ગયો.

માબાપ ઘણા વખત પોતાની ઈચ્છાઓ પુત્રપુત્રી પર ઠોકી બેસાડે છે. મારી પુત્રીને મેં તેની પસંદગી આપી છે. બી.કૉમ. થઈને પત્રકાર થાય તેવી ઈચ્છા હતી પણ પુત્રીએ આર્ટસ-લિટરેચર પસંદ કરીને પ્રોફેસર થવા ધાર્યું છે. તેવું કરવા દીધું. બાપ હંમેશાં પોતાને ઘણો અનુભવ છે તે વાતને યાદ કરે છે. જ્યોર્જ બર્નાર્ડ શૉ આવા સરમુખત્યાર માબાપ પ્રત્યે ખૂબ કટાક્ષ કરતા. બર્નાર્ડ શૉએ માબાપને કહેલું : ''**If you must hold yourself upto your childrens an object lesson hold yourself up as a warning and not as an example**'' માબાપે પોતાના જીવનને બાળક સમક્ષ એક ઉદાહરણરૂપે નહીં પણ ચેતવણીરૂપે રજૂ કરવું જોઈએ. અર્થાત્ બાળકને કહેવું જોઈએ : 'બેટા, અમે તો આજ્ઞાંકિત થવા ગયાં અને રહેંસાયાં. અમારું ઉદાહરણ નહીં લે, તેને ચેતવણી ગણીને તારી મરજી પ્રમાણે જ કરજે.' કર્નલ શર્માના પુત્રે બળવો કર્યો તે સાંભળીને પુરાણા જગતના મહાન વિજેતા સાયરસ ધ ગ્રેટના પુત્ર કેમ્બિસીઝનો દાખલો યાદ આવ્યો. કેમ્બિસીઝ તેની મરજી પ્રમાણે કરતો હતો ત્યારે સાયરસ ધ ગ્રેટે પુત્રને ઠપકાર્યો. પુત્રે પિતાને રોકડું પરખાવ્યું : 'પણ પિતાજી, તમે એક સામાન્ય બાપના પુત્ર હતા ત્યારે હું તો સાયરસ ધ ગ્રેટનો પુત્ર છું. મને તો મારી મરજી મુજબ ચાલવા દો.'

થૉમસ જેફરસને તેના સમયમાં અમેરિકાના ત્રાસદાયી પિતાઓ જોયેલા. તેઓ યુવાનોને કહેતા કે જો કોઈ ટાઈરન્ટ જુલમી માણસ તમારો પિતા હોય તોપણ તેનો સામનો કરવો. કોઈ જુલમી સામે પડકાર ફેંકવો તે ઈશ્વરની આજ્ઞા માનવા બરાબર છે. તમારા પિતાના અનુભવો તમારે માટે નકામા છે. અનુભવ એ મોટો શિક્ષક હોઈ શકે પણ તેની ટ્યુશન ફી બહુ ઊંચી છે. સેમ્યુઅલ ટેઈલર

(અનુસંધાન પાના નં. ૧૧ ઉપર)

# શ્રદ્ધા અને સબૂરી

એક વાર મંગોલ સમ્રાટ ચંગીઝખાન સૈનિકો સાથે શિકારે નીકળ્યો. સવારથી બપોર સુધી રખડ્યા પણ કોઈ શિકાર ન મળ્યો. બધા થાકી ગયેલા. સૈનિકોને આરામ કરવાનું કહી ચંગીઝખાન એકલો આગળ વધ્યો. તેની સાથે ફક્ત તેનો વહાલો બળવાન બાજ હતો. ચંગીઝખાન ખૂબ દૂર દૂર નીકળી ગયો. ક્યાંય શિકાર હાથ લાગ્યો નહીં. માથું ફાડી નાખે એવા મંગોલિયાના ઉનાળાના તાપમાં રખડી રખડીને ચંગીઝખાનને સખત તરસ લાગી હતી, પણ ક્યાંય પાણીનું નામનિશાન નહોતું. નદીઓ, તળાવ, નાળાં બધું સુકાઈ ગયું હતું. આશ્ચર્ય વચ્ચે ચંગીઝખાને જોયું કે પર્વતની એક ધારેથી ટીપું ટીપું પાણી ટપકતું હતું. ચંગીઝખાન ઊભો રહી ગયો. બાજ આજુબાજુ ચક્કર લગાવા માંડ્યો. ચંગીઝખાન પાસે ચાંદીનું પવાલું હતું, તેણે પર્વતની ધાર નીચે પવાલું ધરી રાખ્યું, પવાલું ભરાયું કે તરત પવાલું મોઢે માંડી તે પાણી પીવા ગયો ત્યાં તો બાજે ઝપટ મારી તેના હાથમાંથી પવાલું નીચે પાડી દીધું. બીજા કોઈએ આવી હરકત કરી હોત તો એ જ પળે ચંગીઝખાને તેની કતલ કરી હોત, પણ આ તો પોતાનો માનીતો વહાલો બાજ હતો.

પવાલું સાફ કરી ચંગીઝખાને ફરી પવાલું ધર્યું. ટીપાં થોડાં ધીમાં થયાં હતાં. પોણો પ્યાલો ભરાયો ને ચંગીઝખાન પવાલું મોઢે માંડવા ગયો ત્યાં ઝપટ મારી બાજે ફરી પવાલું પાડી નાખ્યું, ચંગીઝખાને બીજો ગુનો પણ માફ કર્યો. પાણીનાં ટીપાં હવે અત્યંત ધીમે પડતાં હતાં. પવાલું અડધું ભરાયું અને બાજે ફરી તરાપ મારી પવાલું ઢોળી નાખ્યું. આ વખતે ચંગીઝખાને તરત જ બાજના પેટમાં તલવાર ઉતારી દીધી. ચંગીઝખાન જ્યારે ફરી પવાલું ભરવા ગયો, ત્યારે પાણી ટપકતું બંધ થઈ ગયું હતું.

આખીય ઘટનાનું રહસ્ય પામવા ચંગીઝખાન પર્વતની ધારે ચડ્યો. એણે જોયું કે એક ખાબોચિયામાં અત્યંત ઝેરી સાપ મરેલો પડ્યો હતો. મરેલા સાપના શરીરથી ઝેરી બનેલું પાણી ઊભરાઈને ટપક્યું હતું. મરેલા લોહીલુહાણ બાજને લઈ ચંગીઝખાન સૈનિકો પાસે ગયા. બધી વાત કરી, મરેલા બાજની સોનાની મૂર્તિ બનાવવા હુકમ કરી એમણે કહ્યું તેની એક પાંખ પર લખજો :

**સાચા મિત્ર પર વિશ્વાસ રાખજો.**

અને બીજી પાંખ પર લખજો :

**ઉતાવળે ગુસ્સામાં કરેલું કામ નાશ નોતરે છે.**

આપણે ત્યાં શ્રી સાંઈબાબાના ઉપદેશના બે સૂત્રાત્મક શબ્દો એમની આસપાસ લખાય છે : શ્રદ્ધા અને સબૂરી. ઈશ્વરની કરણીમાં આસ્થા રાખો અને ધીરજ રાખો.

સાભાર : પાંદડે પાંદડે દીવા,
સંક્ષેપ સંકલન : મહેશ દવે

---

સામાન્ય રીતે એક જ લેખકના એક અંકમાં એકથી વધારે લેખ લેવાની પદ્ધતિ નથી. સિવાય કે ખાસ કિસ્સા તરીકે ‘અલખના ઓવારે’માંથી. પરંતુ રમેશ તન્નાના ત્રણેય લેખના પાત્રોને ‘ગોરસ’ અંક મોકલાય છે તેનો આનંદ છે તેથી ત્રણ લેખ લીધા છે.

# સંકલ્પ બળ

સંકલ્પનું બળ અમાપ હોય છે. સંકલ્પનું પ્રાબલ્ય માણસને કેવી મોટી સિદ્ધિ સંપડાવે છે એનું એક જવલંત ઉદાહરણ ઈટાલીના સરમુખત્યાર મુસોલિનીના જીવનમાંથી મળી શકે છે.

મુસોલિની એક ગરીબ ઘરમાં જન્મ્યા હતા. પિતા સુથાર હતા. સુથાર કામ કરતા હતા. મુસોલિની પણ પોતાના પિતાની સાથે કામે જતો અને પિતાની મદદમાં રહીને થોડું સુથારી કામ કરતો. એકવાર એમને રાજાના મહેલનું સુથારીકામ મળ્યું. મુસોલિનીના પિતાએ મુસોલિનીને કહ્યું : ‘મારી સાથે તું રાજમહેલમાં ચાલ ! તને રાજાનો મહેલ પણ જોવા મળશે.’ મુસોલિનીને પિતાની વાત ગમી ગઈ. તેણે માત્ર રાજમહેલ જોયો એમ નહિ, પિતાના કામમાં પણ તે મદદ કરતો રહ્યો.

એક દિવસ તેના પિતા રાજમહેલમાં સુથારી કામ કરવામાં ધ્યાનમગ્ન હતા. એવામાં નાનો મુસોલિની ત્યાંના એક ખંડમાં પડેલા રાજાના સિંહાસન પાસે પહોંચી ગયો અને એ કિંમતી લાકડાના સિંહાસન પર રંધો ફેરવવા માંડ્યો. તે આમ રંધો ફેરવતો હતો ત્યારે તેના પિતા કશાક કામવશાત ત્યાં આવી પહોંચ્યા. તેઓ ખંડમાં પ્રવેશ્યા અને તેમણે જોયું કે પોતાનો પુત્ર સિંહાસન પર રંધો ફેરવી રહ્યો હતો. આ જોતાં જ તેઓ મુસોલિની પાસે દોડી ગયા અને તેના હાથ પકડી લઈને કહેવા લાગ્યા : ‘અરે, તું આ શું કરી રહ્યો છે ?’ પુત્રે સહજતાથી જવાબ આપ્યો : ‘આ સિંહાસન પર રંધો ફેરવું છું !’ પિતાએ કહ્યું : આવી નકામી મહેનત શા માટે કરે છે ? ‘નકામી મહેનત કેમ ? તમને ખબર નહીં કે આ સિંહાસન પર હું એક દિવસ બેસવાનો છું તેથી એ સમયે મને આ ખૂંચે નહિ તે માટે મારે રંધો ફેરવવો જ રહ્યો ! આ સિંહાસન પર બેસવાનો મેં મનમાં દૃઢ સંકલ્પ કરી લીધો છે !’

પિતાને તે સમયે મુસોલિનીના આ શબ્દો બાલિશ લાગ્યા ! કેમ કે તેમને ક્યાં ખબર હતી કે, મુસોલિનીનો આ દૃઢ સંકલ્પ ભવિષ્યમાં સાકાર બનીને રહેવાનો છે.

સાભાર : ક્ષણે ક્ષણે ચિંતન,
સંક્ષેપ સંકલન : નીલેશ મહેતા

---

(અનુસંધાન પાના નં. ૯ નું ચાલુ)
(માબાપ ડિક્ટેટર ન બને)

કોલરિજને કોઈને કહેલું : ‘અનુભવ તો તમને એક જૂના ટ્રેક પર લઈ જનારી ખખડધજ ગાડી છે.’ કોલરિજનને કોઈને પૂછ્યું : ‘તમને આ જિંદગી ફરીથી જીવવા મળે તો શું કરો?’ કોલરિજે કહ્યું : `I would make the same mistakes only faster' અર્થાત્ ફરી વાર પણ હું પહેલાં જેવી જ ભૂલો કરું અને તે ઝડપથી કરું. તમારા બાળકને પોતાની મેળે જ નિર્ણય કરીને પછડાવા દો. તેના સેલ્ફ એસ્ટીમને-સ્વમાનને આંગણેથી જ કચડવાનું શરૂ ન કરો. માબાપ તરીકે બાળકોને ભૂલો કરવાની સ્વતંત્રતા આપવાનો આ યુગ છે.

સાભાર : પ્રેરણા શક્તિ,
લેખક : કાંતિ ભટ્ટ

# સાચો સગો મારો શામળિયો

'સ્વામીજી, કોઈ ભાઈ આપને મળવા આવ્યા છે.'

પ્રૂફવાચનના કાર્યમાં રત બનેલા સ્વામીજી બોલ્યા, 'તમે જાણો તો છો કે લેખનકાર્ય અને પ્રૂફવાચન વખતે હું કોઈને પણ મળતો નથી.'

જવાબ આપીને સ્વામીજી ફરી પાછા પોતાના કાર્યમાં પરોવાઈ ગયા. થોડી વાર પછી સંસ્થાનો માણસ ફરી તેમની પાસે આવ્યો, પરંતુ કાર્યરત સ્વામીજીને બોલાવવાની તેની હિંમત ન થઈ. કાર્યકરની દશા સૂડી વચ્ચે સોપારી જેવી થઈ હતી એટલે સ્વામીજી પ્રૂફવાચનમાંથી દૃષ્ટિ ખસેડીને પોતાની સામું જુએ એની પ્રતીક્ષામાં તે એક ખૂણામાં ઊભો રહ્યો. આમ ને આમ દસેક મિનિટ વીતી ગઈ એટલે સ્વામીજીનું ધ્યાન તેના તરફ ગયું અને દૃષ્ટિ દ્વારા જ પ્રશ્ન પૂછ્યો. કાર્યકરે વિનયપૂર્વક કહ્યું, 'સ્વામીજી, મળવા આવનાર આપના જ પુત્ર છે.' 'મારા પૂર્વાશ્રમના પુત્રને મળવાનું કંઈ જ પ્રયોજન નથી. તેમને કહો કે સ્વામીજી તમને મળી શકશે નહીં.' આટલું બોલીને સ્વામીજી ફરીથી કાર્યમાં મગ્ન થઈ ગયા. પેલા કાર્યકરભાઈ સ્વામીજીનો સંદેશ લઈને ફરી પાછા નીચે ગયા અને થોડીવારમાં પાછા આવ્યા. સ્વામીજીની નજર તેમના પર પડતાં તેઓ જરા ચિડાઈને બોલ્યા, 'મને હવે નિરાંતે કામ કરવા દો. તમારી આવી નકામી અવરજવરથી પ્રૂફવાચનમાં વિક્ષેપ પડે છે.' કાર્યકરભાઈએ કહ્યું, 'હવે આપને વિક્ષેપ નહીં પડે. માત્ર આ એક જ વાર આપ મારા સંદેશા પર ધ્યાન આપશો તો આપની ખૂબ જ કૃપા થશે. આપે મુલાકાત આપવાની ના પાડી એટલે આપના પુત્રનું મુખ સફેદ પૂણી જેવું થઈ ગયું. તેને ખૂબ જ આઘાત લાગ્યો છે. તેમણે કહ્યું કે, એમાં મારો શો દોષ છે ? પોતાના પિતાનાં દર્શન કરવાની ભાવના ક્યા સંતાનને ન થાય ? માત્ર પાંચ મિનિટ દર્શન કરવાની તક જોઈએ છે. મારે તેમની પાસેથી કંઈ જ જોઈતું નથી. તેમનાં પુનિત દર્શન કરી તરત જ પાછો વળી જઈશ.' પૂર્વાશ્રમના પુત્રની આ લાગણી સાંભળીને સ્વામીજીનું અંતર દ્રવી ઊઠ્યું. ઘડીક તો થયું કે શું અત્યાર સુધી કરેલી કઠોર સાધના એળે જશે ? સ્વામીજીએ તરત પોતાની જાતને સંભાળીને મક્કમ સ્વરે તે બોલ્યા, 'એ હું સમજું છું, પણ અમારી આંખો મળે પછી બંનેનું હૈયું વશમાં ન રહે એના કરતાં અમે બંને જણ એકબીજાને ન મળીએ એમાં જ બંનેનું શુભ સમાયું છું. મારો તો એક જ સાચો સગો છે, મારો શામળિયો.'

આ સ્વામીજી એટલે ભિક્ષુ અખંડાનંદજી અને પૂર્વાશ્રમના પુત્ર હતા મોતીલાલ ઠક્કર.

સાભાર : ટહુકે ટહુકે કેકારવ, લે. હેતા ભૂષણ

---

(અનુસંધાન પાના નં. ૧૮ નું ચાલુ)

(ગોરજથી અનુરજ.... વિક્રમ પટેલ)

આલીશાન ઑફિસ નથી એને. વિક્રમ ઠેરઠેર હોય. રોજ જ વહેલી સવારથી એ ખેતરે જ હોય. વિક્રમ પટેલ હળ હાંકી, ટ્રેક્ટર ચલાવી નિયમિત ખેતી કરે છે અને પછી આશ્રમમાં આવી કરુણાનો પાક લણે છે! કારણ વિક્રમ પટેલ સાચા અર્થમાં અનુબેનના અનુયાયી છે.

સાભાર : મુઠ્ઠી ઊંચેરા ૧૦૦ માનવરત્નો,
લે. ભદ્રાયુ વછરાજાની

# સંસ્કૃતિ શબ્દ સાંભળું છું અને

યુદ્ધની, અણુયુદ્ધની વાત આજે કોઈ કરે તો નવાઈ લાગતી નથી. કોઈક સવારે જાગીએ અને અચાનક વર્તમાનપત્રમાં વાંચીએ કે 'ત્રીજા વિશ્વયુદ્ધનો આરંભ' તો આંચકો ન લાગે એવી દુનિયામાં જીવીએ છીએ : સવાલ એટલો છે કે આવું કોઈ વિશ્વયુદ્ધ શરૂ થાય તો એના સમાચાર છાપવા કે વાંચવા બીજી સવારે મનુષ્યજાતમાંથી કેટલા જીવતા રહે !

માણસની હિંસા માટેની વૃત્તિ તેના ચિત્તના પાયામાં રહેલી છે. આ વૃત્તિને દૂર કરવા માટે મહાવીર બુદ્ધ કે આધુનિક યુગમાં ગાંધી જેવા મળ્યા છે છતાં આ વૃત્તિને કંઈ અંશે કેટલાક લોકો નાથી શક્યા છે : પણ એ નિર્મૂળ થઈ શકી નથી. ક્યાંક લખાયું છે એમ–

હૈયા માંહે કરે યુદ્ધો પ્રકૃતિ દૈવી તામસી
વિશ્વમાં ચાલશે કેમ ત્યારે યુદ્ધ વિના પછી ?

આ માણસની એકમેક પ્રત્યેની હિંસાની ભાવના વિશે ઘણું બધું લખાયું છે : પણ લાંબા સમય પહેલાં જેક લંડનની એક ટૂંકી વાર્તા વાંચી હતી. માત્ર સ્મરણ પરથી જ એ વાર્તાની જે છાપ યાદ રહી છે એ ઉપસાવવાનો પ્રયત્ન કરું છું.

વાર્તામાં એક માણસ અને એક વરુ એ બે મુખ્ય પાત્રો છે. બંને દિવસોનાં ભૂખ્યાં છે : ભૂખને કારણે અશક્ત થઈ ગયા છે. તેઓ જરાક પણ ગતિ કરી શકે એવી શક્તિ તેમનામાં નથી રહી. માણસનું ધ્યાન વરુ પર પડે છે, અને આશા જાગે છે. જો હું વરુ સુધી પહોંચી શકું તો મને ભાવતું ભોજન મળી જાય. ભલે કાચું માંસ ખાઉં પણ કંઈક તો આધાર મળી રહે. વરુનું ધ્યાન માણસ પર પડે છે. એને થાય છે કે હું ગમે તેમ કરી થોડું જોર અજમાવી માણસ સુધી પહોંચી જાઉં તો કદાચ મને જીવવા માટે આલંબન મળી જાય. એક વાર માણસની નજીક પહોંચું, પછી તો એક પંજો મારી એને ખતમ કરી નાખીશ. બને ભૂખ્યાં પ્રાણીઓ પોતાની ભૂખ શમાવવા માટે એકમેક પર જ આધાર રાખે છે : બંને એકમેક સુધી પહોંચવા મરણિયો પ્રયત્ન કરે છે. બંનેને એકમેક સુધી પહોંચે તો જીવી જવાની આશા છે. એકમેકના કોળિયો કરવાનાં અરમાન બંનેના અંતરમાં છે : બંનેને લાગે છે કે હવે પોતાની ભૂખનો અંત હાથવેંતમાં છે. ત્યારે જ બંને તૂટી પડે છે અને બંને પ્રાણ ગુમાવે છે. આ કથાનું શીર્ષક પણ અત્યારે યાદ નથી. મૂળ કથા વાંચી તેને દાયકાઓ વીતી ગયા એટલે સ્મૃતિએ તથા કલ્પનાએ તેમાં રંગો પૂર્યા હોય એ સંભવિત છે : પણ બે ભૂખ્યા પ્રાણીઓ જીવવા માટે એકમેક પર અવલંબન રાખવાને બદલે એકમેકનો સંહાર કરવા આગળ વધે છે અને બંનેનો સંહાર થાય છે.

જેક લંડનની આ કથા હું કદી ભૂલી શકયો નથી, દુનિયાની કોઈ પણ લડાઈનો અહેવાલ વાંચું છું ત્યારે મને જેક લંડનની આ કથા યાદ આવે છે. આ કથામાં ભારોભાર વેદના છે. ભૂખ મનુષ્યને કયાં સુધી લઈ જઈ શકે છે તેનો ચિતાર લેખકે હૃદયસ્પર્શી રીતે આપ્યો છે.

જગત આજે કઈ ભૂખથી એકમેકને સંહાર કરવા આગળ વધે છે ?

મહાસત્તાઓ પાસે શું નથી ? તેની પાસે ક્યાં સાધનો નથી? તેઓ પાસે સંપત્તિ છે :

સાધનો છે : આખી દુનિયાને સુખી કરી શકે એટલી યંત્રવિદ્યા છે. પણ આ બધાંનો ઉપયોગ તેઆ માનવજાતને તથા એકમેકને દુઃખી કરવામાં જ કરે છે. પેલા એકમેકને ખાવા માટે આગળ વધવા તલખતા માણસ અને વરુની યાદ તેમને જોઈને આવે છે.

'હું' સંસ્કૃતિ શબ્દ સાંભળું છું કે તરત જ મારી પિસ્તોલમાંથી ગોળીબાર કરવાનું મન થાય છે.' એવા જર્મન કવિના શબ્દો બે રીતે સાચા પડે છે : એક તો અત્યારે દુનિયાના રાજદ્વારીઓ વાસ્તવમાં સંસ્કૃતિના આ જ હાલ કરી રહ્યા છે : રેગનને અમેરિકાની સંસ્કૃતિ સાથે કોઈ સંબંધ ખરો ? વોલ્ટ વ્હીટમૅને જે સંસ્કૃતિની ખોજ કરી, જે અમેરિકાની ખોજ કરી, એ સંસ્કૃતિ કે એ અમેરિકા માટે રેગનને લગાર પણ ખેવના છે ખરી ? જે સંસ્કૃતિ માટે ટોમસ ગ્રે કે ટી. એસ. એલિયટને કાળજી હતી તેની ચિંતા માર્ગારેટ થેચરને ખરી ? અલ્જીરિયામાં સ્થાનિક આક્રોશ કરનારાઓનો પક્ષ લેનારા ઝયાં પોલ સાર્ત્રને કોઈકે દેશદ્રોહી કહી જેલમાં પૂરવાની વાત કરી ત્યારે 'સાર્ત્ર ફ્રાંસ છે : ફ્રાંસને કઈ રીતે કારાવાસમાં મુકાય? એવો પ્રશ્ન પૂછનાર દ'ગોલ આજે ફ્રાંસમાં છે ? સ્ટેલિન મેક્સિમ ગોર્કીના શબ્દ પર ગમે તેવા માણસને ગમે તેવી સજામાંથી છોડી મૂકવાનો નિર્ણય લેતો હતો : આ વાત પણ હવેના સામ્યવાદી કલ્ચરમાં રહી છે ? અને આવા લોકો જ્યારે સંસ્કૃતિની વાત કરે ત્યારે પેલા કવિની માફક જ રિવોલ્વર લેવાનું મન કોઈને થાય તો નવાઈ નહિ. તા. ૧૫-૧૧-૧૯૮૩

સાભાર : ઈશ્વરની આંખનું આંસુ,
લે. હરીન્દ્ર દવે

(અનુસંધાન પાના નં. ૮ નું ચાલુ)
(આસ્થાનો દીવો)

આવી અસાધારણ પ્રતિભા કઈ રીતે જન્મી શકે? અને એમ માનવા માટે હું બિલકુલ તૈયાર નથી, કેશવચંદ્ર ! કે તમે કેવળ માટી અને પથ્થર છો. તમારી બુદ્ધિમત્તાનું મધુર સંગીત વાગી રહ્યું છે એ સંગીત ખબર આપે છે કે પરમાત્મા છે ! પહેલાં મને થોડીઘણી આશંકા હતી, અત્યારે તમને મળ્યા પછી એ પણ મટી ગઈ.''

કેશવચંદ્ર સેન હારીને પાછા ફર્યા !

આ સંદર્ભમાં સંત કહે છે : ''સંતનો દાવો શો છે ? સંતને કોઈ બાબતમાં કલહ કરવાની વાત આવતી નથી. સંતને કંઈ સિદ્ધ કરવું નથી. સંત કોઈ સિદ્ધાંત સ્થાપિત કરવા માગતા નથી. સંતને જે કહેવું છે તે પોતાના જીવન દ્વારા કહેવું છે.''

એ પ્રસંગે વાદવિવાદ કરવા ગયેલ કેશવચંદ્રસેનની આંખો ખુલી ગઈ. એમણે સંતના જીવનને પ્રત્યક્ષ જોયું. સંતના મહિમાને કોઈ વિરોધ પણ હરાવી નથી શકતો. એ મહિમાને વિવાદ દ્વારા મટાડી નથી શકાતો. કેશવચંદ્રે એ અડગ આસ્થા જોઈ. તર્કના ગમે તેટલાં તોફાન આવે તોપણ દીવો ડગમગતો નથી. ઊલટાનો તોફાનમાંથી પણ એ જીવન લઈ લે છે.

આપણે જોઈએ છીએ કે નાનો દીવડો હવાના ઝપાટાથી ઠરી જાય છે, પરંતુ ભારે આગ લાગી હોય ત્યારે હવાના ઝપાટાથી એ ઠરતી નથી, ઊલટાની વધારે તીવ્ર બને છે. ત્યાં હવા ઘીનું કામ કરે છે. સંત નાનકડો દીવો નથી. એ તો ભારે મોટી આગ છે. એને ઠારવા માટે તમે તોફાન લાવશો એ તો ઘીનું કામ કરશે.

સાભાર : જ્ઞાનની સુવર્ણમુદ્રાઓ,
લે. અમૃત રાણીંગા

## પાર્વતીઆપા (અનુપમ સેવિકા)

“ભલે મારા ચાર કટકા કરી નાખો, પણ હું અહીંથી નહીં હટું, નહીં હટું! નહીં હટું!!”

અમે એને સમજાવીએ છીએ, મહિલા પોલીસ એનું એક કાંડુ પકડે છે, પણ એ તો બસ, એક જ રટણ કરે છે અને આંખોમાંથી ચોધાર આંસુની ધારા વહેતી જાય છે.

સ્થાન છે મુંબઈના દેવનારનું કતલખાનું. મોટા ઝાંપાની સામે હારબંધ ટ્રકો ઊભી છે, જેમાં ખાસ્સા મજબૂત-તગડા બળદ ઠસોઠસ ભર્યા છે. ભારતની ખેતીની કરોડરજ્જુ સમા બળદની કતલ ન થાય એ માટે સત્યાગ્રહ ચાલે છે અને આજની સત્યાગ્રહી ટુકડીમાં છે આ પાર્વતીઆપા!

ડૂસકાં ભરતી ભરતી કહે, “આવો અમારે ગામડે! કાપી જુઓ એક બળદને! શા હાલ થાય છે તમારા, જુઓ! અરે, ભૂલેચૂકેય કોઈ કસાઈને ઢોર વેચી દે તો ગામ વચ્ચે જૂતાં ખાવાં પડે અને ગામલોક બહિષ્કાર કરે એ જુદું! અને અહીં તમે લોકો, આટલા બધા બળદ, આવા સરસ ધીંગા બળદ! એના પર કરવત ચલાવશો?”

ભારતના સુદૂર પ્રદેશ ઓરિસ્સાની આ સીધીસાદી નારી, બસ દર વર્ષે અમારું કહેણ ગયું નથી ને પોતાની સેના સાથે એ આવી પહોંચી નથી. ગજબની સ્ફૂર્તિ અને ઉત્સાહ! અપાર નિષ્ઠા અને જિંદાદિલી! ઓરિસ્સાની મા રમાદેવી પાસે તૈયાર થયેલી સેવિકા! એની સેવા જ કહી આપે કે ધાવણ કોઈ સિંહણનાં ધાવ્યાં છે.

આપણે ગુજરાતીઓ એવા ઠાઠમાઠી અને સુંવાળા કે કોઈને લઘરવઘર જોઈએ એટલે માની બેસીએ કે હશે કોઈ હરિજન કે ગરીબ ઝૂપડપટ્ટીનો વાસી! પાર્વતી પણ આવી જ સીધીસાદી, વિખરાયેલા વાળ અને સામાન્ય વેશભૂષાવાળી! પરંતુ છે એ મોટા જમીનદારની બેટી! મોટા ઘરનાં બાળકોને મુકતતાપૂર્વક શેરીઓમાં કે વાડીઓમાં ભટકવાની બંધી! પણ બંધનમાં બંધાય તો પાર્વતી શાની? ભાગી જાય દોસ્તારો સાથે દૂર ખેતરોમાં. છોકરાઓ સાથે ઝાડ પર ચઢવામાં નદીમાં નહાવાની હોડમાં ઊતરે! પછી સાંજે ઘેર પહોંચીને ભલેને રોજરોજ પિતાજીના હાથનું ચૌદમું રતન ચાખવું પડે.

ગામમાં નિશાળ પાંચમાં ધોરણ સુધીની. હઠ કરીને રમાદેવીના આશ્રમે પહોંચી ગઈ. ત્યાં અનેક વિષયોનું જ્ઞાન મેળવ્યું. બાર વર્ષની ઉંમરે ત્યાંથી પાછા ફરી ગામમાં બાલવાડી, કાંતણ, જેવાં કાર્યો શરૂ કરી દીધાં, કોઈ અડંગો નાખે તો સિંહણની જેમ સામી ઘૂરકે. ૧૯૩૭માં ગાંધી-આદેશથી દેશભરમાં લોકો હરિજન-ફંડ એકઠું કરે. આને થયું કે હું પણ થોડો ફાળો ભેળો કરું, પરંતુ પિતાજીનો સખત વિરોધ! હરિજનને ઘેર જેટલી વાર જાય, તેટલી વાર માર ખાવો પડે! પછી ઘરમાં પુરાઈ રહેવાનું. એ મોટે મોટેથી બંધ ઓરડાની પાછળથી પ્રશ્નો પૂછતી, “શા માટે મને પૂરો છો? શું હરિજનોમાં એ જ લોહી નથી વહેતું, જે મારા-તમારામાં વહે છે? એમનું લોહી પીળું છે, કાળું છે? પછી શા માટે આ આભડછેટ?”

પરંતુ પ્રશ્નો પડઘાઈ પડઘાઈ પાછા આવતા, અથવા કયારેક ‘વધારે પિટાઈ’નો જવાબ લઈ પાછા ફરતા. કયારેક બે-ચાર દિવસ થઈ જાય તો એ સામે ધમકી આપતી, “આવું કરશો તો હું કૂવામાં કૂદી પડીશ.” અને

બહેનબાનો છુટકારો થઈ જતો.

પરંતુ પિતાજી પણ જીદ લઈ બેઠા હતા. છોકરીને આ માર્ગથી પાછી વાળવી હતી! એક વાર દિવસો સુધી કાચા વાસી ભાત ખાવા આપ્યે રાખ્યા. પિતાને એમ કે હવે તો એ બરાબર પાઠ ભણી લેશે, પરંતુ પાણાને ય પચાવી લે એવું જઠર, કાચા ભાત તો સરળતાથી પચાવી ગયું. બસ, ત્યાર પછી પિતાને થયું કે આ કોઈ નોખી માટીનું પ્રાણી ઘરમાં પેદા થઈ ગયું છે! એને ઝાઝું ન છેડવામાં જ ગનીમત છે!

ત્યાં વળી હવા આવી કે બહેનો શરાબની દુકાન પર પિકેટિંગ કરે. 'પિકેટિંગ' એટલે કાંઈ ઝાઝી ગમ નહીં પણ લોકોને દારૂ ન પીવા દેવો, એટલું ગણિત મનમાં બેસી ગયું. બસ, ઘેરઘેર પોતાનું નાનકડું સરઘસ લઈને પહોંચી અને પૂછ્યું , ''રામરાજ્યમાં કોઈ દારૂ પીવે કે?'' લોકોને એની વાત ગળે ઊતરી. બીજે દિવસે સરઘસ સાથે પીઠા પર. ગીતો ગાતાં ગયાં અને હાંલ્લાં પર લાઠીઓ લગાવતાં જાય. દારૂનાં પીઠાં પર બહેનો સત્યાગ્રહ કરવા જાય, આ ગાંધીની સૂઝે દારૂડિયાઓના અંતરના દીવા કેટલા પેટાવ્યા એ તો પ્રભુ જાણે, પરંતુ ભારતની નારીશક્તિમાં આત્મવિશ્વાસનો એક અનોખો દીવડો ઝગતો કરી મૂકયો, એ નિર્વિવાદ છે!

૧૯૪૨ના 'ભારત છોડો' આંદોલનમાં જેલવાસ પણ થયો. બે વર્ષનો પૂરો આરામ! બહાર આવી તક કયાંથી મળે? બસ, ગાંધી-વિચારને સમજવા અનેક પુસ્તકો વાંચતી ગઈ. પરિણામે જેલમાં ગયેલી 'પાર્વતી' અને જેલમાંથી બહાર આવેલી 'પાર્વતી' કાંઈક જુદી જ હતી! જાણે નવો અવતાર મળ્યો! બસ, જેલમાંથી છૂટ્યા પછી હવે તો 'બોઉ'નો આશ્રમ એ જ ઘર! રમાદેવીનો શબ્દ એ જ જીવન! ગાંધીનું કામ એ જ કામ! અત્યાર સુધી ગાંધીજીને જોયા નહોતા. ૧૯૪૫માં એ તક પણ મળી ગઈ. સેવાગ્રામમાં એમનાં દર્શન થયાં. બસ, ઈધર-ઉધરની બેચાર વાત! પણ અંતરમાં ઊંડું સમાધાન થયું ! બીજે દિવસે પવનારના સંતનાં દર્શને ગઈ. ત્યાં પેટ ભરીને વાતો કરી.

ઓરિસ્સાના કસ્તૂરબા ટ્રસ્ટની સેવિકાઓની હરોળમાં પાર્વતી આપ્પાનો નંબર આગલી હરોળમાં. નવું નવું જાણવાની તક એક પણ ગુમાવવાની નહીં. વર્ધામાં મહિલાશ્રમમાં ગ્રામસેવિકાનો અભ્યાસક્રમ ચાલે, તો ત્યાં પણ હાજર. કાકાવાડીમાં કાકાસાહેબ પાસે પણ હાજર. કાકાવાડીમાં કાકાસાહેબ પાસે હિંદી અને ઉર્દૂનો અભ્યાસ પણ આરંભ્યો. એક વાર મહાદેવી વર્મા મહિલાશ્રમમાં આવ્યાં. તો થયું કે 'ઉત્તમ હિન્દી આવડવી જોઈએ. હિન્દી તો રાષ્ટ્રભાષા! બસ, એમનો સંપર્ક સાધી અલાહાબાદમાં રાષ્ટ્રભાષા શીખવા પહોંચી ગઈ. પાંચ વર્ષ ત્યાં જ રહી ઉત્તમ ભાષાજ્ઞાન પ્રાપ્ત કરી લીધું. ત્યાં પણ વાંચવા માટે બહેનબા કોઈ ખુરશી-ટેબલ કે પાટ પર ન બેસે! સ્વાધ્યાયની જગ્યા એક જ - ઝાડની ડાળ! એ એક જ સ્થાન એવું છે, જ્યાં તમને કોઈ શોધી ન શકે અને ખલેલ પહોંચાડી ન શકે!

આ તો બધી જુવાનીના દિવસોની રંગત! ગાંધીનો એ યુગ! જંપીને બેસવાની વેળા કેવી? પણ ત્યાર પછી ય કયાં જંપ હતો? ગાંધી ગયા ને આ- વિનોબા આવ્યા! પેલી સ્વરાજ્યની લડાઈ

(અનુસંધાન પાના નં. ૨૦ ઉપર)

# ગોરજથી અનુરજ એટલે ડો. વિક્રમ પટેલ...

## રોજ સવારે હળ હાંકી ખેતી કરનાર ડૉક્ટર

વિક્રમ પટેલ છે તો ડૉક્ટર, પણ મળો તો લાગે કે વિક્રમ ખેડૂત છે, વિક્રમ સમાજસેવક છે, વિક્રમ શિક્ષક છે, વિક્રમ ઈજનેર છે! હા, તે તકવંચિતો માટે તો 'પ્યારા વિક્રમભાઈ' છે. છેલ્લાં તેંત્રીસ વર્ષોથી વિક્રમ આશ્રમવાસી છે. ૧૯૮૦માં એમની અનુભવયાત્રામાં એક દિવ્ય સંતનો સ્પર્શ થયો અને વિક્રમ પટેલ ત્યારથી આશ્રમવાસી બની ગયા. તબીબીનું ભણતો ત્યારનો વિક્રમ પટેલ આજે સેવાશ્રમનું મુખ્ય ચાલકબળ બની ગયો છે.

દિવ્ય સ્પર્શ અનુબેનનો. નારીક્રાંતિની વાતો નહીં, પણ એકલપંડે નારી કેવી ક્રાંતિ કરી શકે તેનું આપણી ધરતી પરનું વિરલ ઉદાહરણ એટલે અનુબેન. પંજાબના એક સંતે હાથમાં શ્રીફળ આપી કહેલું કે, 'જા આ વિસ્તારમાં ને નાળિયેર મૂકી દીવો કર.' વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં દલિતો, વંચિતો અને થોડા રંજાડનારા લોકોની વચ્ચે જઈને અનુબેન બેઠાં. આજે ત્યાં 'ગોરજ : મુનિ સેવા આશ્રમ'' નામથી સમાજસેવાની દિવ્યજ્યોત જાણે મશાલ બનીને અજવાળાં પાથરે છે! આખા બોલા ચિંતક ગુણવંત શાહ કહે છે : 'ભગવાં તો અનુબેનનાં શરીરે જ શોભતાં.' મીઠું હસવાનું ને મૌન રહેવાનું, છતાં ધરતી પર સેવાની લીલીછમ ખેતી એટલે ગોરજમુનિ સેવા આશ્રમ.

અનુબેને એમ.એસ. યુનિવર્સિટી, વડોદરાના મેડિકલના વિદ્યાર્થીઓને વિનંતી કરી : 'તમે ભણો છો ત્યારે રજાના દિવસોમાં ગોરજ આવો અને ગ્રામ વિસ્તારમાં પાયાની તબીબી સેવાના પ્રોજેક્ટમાં સહાય કરો.' બસ, આ વિનંતી વિક્રમ પટેલનું જીવન પલટી નાખવા પર્યાપ્ત હતી. મિત્રો સાથે રજાઓમાં ગોરજ આવી વિક્રમે સ્વાસ્થ્ય જાગૃતિ અને તબીબી સારવારનું કામ શરૂ કર્યું. અનુબેનની દિલની હૂંફ વિક્રમ પટેલને હવે વધુ ને વધુ સ્પર્શી રહી હતી. ડૉક્ટર થયા પછી વિક્રમે નિર્ણય કર્યો કે તે ડૉક્ટર થઈને રૂપિયા કમાવવાને બદલે 'ગોરજ : મુનિ સેવા આશ્રમ'ના તબીબી પ્રોજેક્ટને પોતાનો સમય આપશે. બસ, તે દિવસની ઘડી અને આજનો દિવસ ડૉક્ટર વિક્રમ પટેલ ગોરજ છોડી ક્યાંય ગયેલ નથી. અનુબેનની ઈચ્છા હતી કે આ પછાત લોકોને નાનામાં નાની સારવાર તો અહીં મળે જ, પણ કૅન્સર જેવા ગંભીર રોગની સારવાર પણ અહીં જ મળે. છેક છેવાડાનો માણસ ક્યાં જાય? એને મોંઘીદાટ ચિકિત્સા ક્યાંથી પોસાય? ડૉ. વિક્રમ પટેલે આ પ્રશ્નોના જવાબને ચરિતાર્થ કર્યા. વિક્રમ અનુભવનો ઉપયોગ અનુબેનના વચન માટે કરવા લાગ્યા અને તેમણે લગ્ન ન કરવાનો નિર્ણય લીધો. વિક્રમ પટેલ હવે ગોરજ સમર્પિત બન્યા. અહીં જ રહેવાનું. અહીં જ શ્વસવાનું. જીના યહાઁ, મરના યહાઁ, ગોરજ સિવા જાના કહાઁ? ૩૬૫ દિવસ, સાતેય વાર ને ચોવીસે ય કલાક... એમાં ૨૦૦૪માં અનુબેને વિદાય લીધી અને ગોરજ : મુનિ સેવા આશ્રમના ચેરપર્સન તરીકે ડૉ. વિક્રમ પટેલે ધૂરા સંભાળી. અનુબેનની કરૂણા વિક્રમનાં

નેતૃત્વની લાગણીમાં ફેરવાણી અને અનેક નવા આયામો ઉમેરાયા.

મુનિ સેવા આશ્રમ ચાર મુખ્ય ક્ષેત્રોમાં પ્રવૃત્ત રહી વિરલ પ્રદાન કરે છે. (૧) સામાજિક સંભાળનાં ક્ષેત્રમાં અનાથાશ્રમ (૬૦ છોકરીઓ) + વાનપ્રસ્થ મંદિર (૧૨૦ વૃદ્ધો) + ભગિનિ મંદિર (૧૮ વર્ષથી વધુ ઉંમરની માનસિક પડકાર ધરાવતી ૧૧૦ બહેનો) (૨) સ્વાસ્થ્ય સંભાળનાં ક્ષેત્રમાં બે હોસ્પિટલ્સ. જનરલ હોસ્પિટલ અક્ષર પુરુષોત્તમ આરોગ્ય મંદિર અને કૈલાસ કૅન્સર એન્ડ રિસર્ચ સેન્ટર. બસો પથારીની બંને હૉસ્પિટલમાં આધુનિકતમ સાધનો + કાળજી + સારવાર. (૩) શિક્ષણ સેવામાં.... સોળ ગામોમાં ડે-કેર સેન્ટર્સ + બસો બાળકો સાથેની ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળા + ત્રણસો વિદ્યાર્થીઓની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળા + છઠ્ઠા ધોરણથી શરૂ થતી એકલવ્ય મૉડલ સ્કૂલ + વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટર + ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલ માન્ય દોઢસો વિદ્યાર્થીઓ માટેની સ્કૂલ ઑફ નર્સિંગ. (૪) પર્યાવરણ અને ઉર્જા સંવર્ધન ક્ષેત્રે અપ્રતિમ ક્રાંતિકારી પ્રદાન, ૮૦૦ એકર ધરતી પર ઑર્ગેનિક ફાર્મિંગનું વ્યવસ્થાન ખુદ વિક્રમ પટેલ દ્વારા અને તેમાંથી પંદરસોથી વધુ આશ્રમવાસીઓને ઑર્ગેનિક ફૂડ મળતું રહે!

કૅન્સર હૉસ્પિટલ એટલી આધુનિક કે ગુજરાતમાં ક્યાંય જેવી સારવાર ન મળે તે લેટેસ્ટ અહીં મળે. કેટલાંક મશીન તો વીસ-પચીસ કરોડના! કાળજી કેટલી કે કિમોથેરાપી લઈને પોતાના ગામ જતાં દર્દીને ગરમી ન થાય તે માટે એ.સી. બસ ગામ સુધી મૂકવા જાય. ગોરજની કૅન્સર હૉસ્પિટલ, ભગિની મંદિર કે વાનપ્રસ્થ મંદિરની સગવડતા-ચોખ્ખાઈ-કાળજી જોઈ તમને કરુણાથી આંખો ન ભીંજાય તો જ નવાઈ! પાછું બધું શાંત, વિનમ્ર, પવિત્ર. અહીંની નિશાળો બધી નિવાસી. વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટરે છેલ્લાં પાંચ વર્ષોમાં ૭૮૦૦ ટ્રાયબલ સ્ટુડન્ટ્સને તાલીમ આપી પગભર કર્યા છે. છેલ્લાં બે વર્ષોમાં પાંચસો યુવાનો વ્યવસાયમાં ગોઠવાયા છે. આશ્રમનું વિશાળ સમગ્ર પરિસર પુનઃપ્રાપ્ત ઊર્જાના સાધનોથી સજ્જ. સૉલાર, થર્મલ, બાયોગૅસ, બાયો માસ ગેસીફાયર અને અતિ આધુનિક સંસાધનો. ૩૧૦૦૦ LPD હૉટ વૉટર સિસ્ટમ તો ૧૩KW સૉલાર પીવી સિસ્ટમ તો સ્કૂલ્સમાં સ્ટીમ કૂકિંગ સિસ્ટમ પણ! વિક્રમ પ્રયોગશીલ ઈજનેર છે. આશ્રમની આજુબાજુનાં બધાં જ ગામોમાં સો ટકા વીજળી સૉલાર હોમ લાઈટ સિસ્ટમથી વિક્રમે પહોંચાડેલ છે. વિક્રમે સાબિત કર્યું છે કે છેવાડાનાં માણસો સુધી ટેક્નોલોજી માત્ર પહોંચાડવાથી કામ નહીં થાય, તેના માટે સોશિયલ એન્જિનિયરિંગ, માઈક્રો ફાયનાન્સિંગ અને લોકભાગીદારીની જરૂર પડશે.

ડૉ. વિક્રમ પટેલ આટલાં મોટાં અને વિશાળ તંત્ર ધરાવતું વ્યવસ્થાપન સંભાળે છે છતાં એકદમ Down to Earth. ગોરજમાં સવારે પહોંચી જાવ તો વિક્રમ ન મળે પણ મીઠો આવકારો મળે. ઑકળીમાં પુરાવેલાં રંગીન ચિત્રોથી સજ્જ પરિસરમાં આશ્રમની ગૌશાળાની ગાયોનાં દૂધની કસદાર લસ્સી મળે, પણ વિક્રમ ન મળે. અનુબેનના સ્મૃતિમંદિરમાં પ્રાર્થના કરવા મળે, પણ વિક્રમ ન મળે. કોઈ

(અનુસંધાન પાના નં. ૧૨ ઉપર)

# ઊજળું ઓઢણું

ગોંડલના મેરવદર ગામની ખળાવાડ મોસમથી છલકી હાલી છે. ખેડૂતોને આનંદના ઊભરા છૂટે છે. ખળાવાડ માથે આરબુંના પહેરા જેવું ઝીણા સિપાઈનું રખોપું છે. ઝીણાની નોકરીનો ગામને ગળા લગણ ભરોસો છે.

દસેક વરસથી ઝીણો હવાલદારી કરે છે. પણ આટલાં વરસમાં ખળાવાડામાં કોઈ ખાટસવાદિયાનો સળી સંચાર થવા નથી દીધો. માર્યામૂઆના રાસડા જેવી ઝીણાની આબરૂ બંધાઈ ગઈ છે.

મેરવદરની ખળાવાડને મોસમથી હાંફતી ભાળીને સોઢાણાના સંધીઓની દાઢયું ડળકી. બરાબર મધરાતનો મોકો સાંધીને સંધીટોળી અંધારામાં ચડી આવી. અહોરાત જાગતા હવાલદાર ઝીણાની અનુભવી આંખોએ સંધીના ઓળા નોંધ્યા ને બંદૂક સાબદી કરી. સામે આઠેક સંધી ને પોતે એકલો. પણ ઝઝક્યા વગર ઝીણો સામે થયો. ઝીણાને પોતાની હવાલદારી પર ગર્વ છે, તો સંધીઓ પણ એંટમાં હાલ્યા આવે છે. ઝીણા હવાલદારની એમને મન કોઈ ગણતરી નથી.

નજીક આવતાં તો ઝીણાએ પડકારો કર્યો : ‘‘ગામેતીઓ! આંઈ આકડે મધ ને માખિયું વિનાનું ભાળીને હાલ્યા આવતા હો તો પાછા ફરી જાઓ.’’

‘‘હવે હાલતો થા હાલતો, ગામેતીવાળા! નાહકની ઘરવાળી રંડાઈ પડશે.’’

‘‘તમારામાંથી કો’કને ઓછા કર્યા પહેલાં મારી ઘરવાળી નઈ રંડાય.’’

‘‘જીવતા રે’વું હોય ને હવાલદારું જાળવવું હોય તો આઘોપાછો વયો જા’’

‘‘ઝીણો જીવતો હોય ત્યાં લગણ ખળાવાડ લુંટી જુઓ. છે કોઈ બે માથાળો ?’’

‘લે ત્યારે’ કહેતાં એક સંધીએ ઝીણા માથે ગોળી છોડી. સાવધ ઝીણો નીચે નમી ગયો. ગોળી માથેથી પસાર થઈ ગઈ. સંધી સાવધ થાય એ પહેલાં તો ઝીણાએ બંદૂકના ભડાકા ભેળો એને ઉપાડી લીધો.

મધરાતે બંદૂકના ભડાકા સાંભળી ખેડૂતો હાથ પડયું હથિયાર લઈને દોડયા. દેકારો થતાં સંધીઓ ભાગ્યા, પણ ભાગતાં ભાગતાં ઝીણા માથે ભડાકો કરતા ગયા. ઝીણો પડયો.

હવાલદાર તો રાજનો નોકર કહેવાય. ઝીણો ગયો એટલે ગોંડલ રાજ તરફથી પગાર મળવો બંધ થયો. ટાપો-ટોયો કરીને ઝીણાની ઘરવાળીએ ચાર છોકરાં જાળવતાં બે’ક વરસ કાઢી નાખ્યાં. મેરવદર ગામ પણ શહીદ થયેલા ઝીણાના કુટુંબને જાળવી રહ્યું છે. પણ ઝીણાની ઘરવાળીને થયું કે હાલને ગોંડલ જાઉં. રાજ કાંઈક જીવાદોરી બાંધી આપે તો પેટિયું નીકળે.

મેરવદરથી આવી ગોંડલ. ગરીબી અને ભૂખનું દુઃખ મા-છોકરાંને આંટો લઈ ગયા છે. થાગડથીગડ કપડાંમાં દેહ ઢાંકીને દરબારગઢને દરવાજે બે દિ’ કાઢ્યા ત્યારે ગોંડલ ઠાકોરનો મેળાપ થયો. મેરવદરની ખળાવાડ સાચવતાં પોતાના ધણીનું બલિદાન લેવાયું છે અને નિરાધાર થઈ ગયાં છીએ તો રાબ-છાશનું કરી દેવા અરજ કરી.

દરબાર કહે, 'તારો ધણી કંઈ બંદોબસ્ત નથી કરતો ગયો?'

ઝીણાની ઘરવાળી કહે, 'પગારમાંથી માંડ રોટલા ભેળાં થતાં એમાં શું મૂકી જાય?'

"તમારે સિપાઈ જેવા વરણને શું? બીજું ઘર કરી લે. તને ધણી ધારતાં ન આવડયું એમાં રાજ શું કરે?"

સાંભળતાં જ અબળા તાડ જેવી થઈ. લાજ કાઢેલું ઓઢણું માથેથી ઉલાળી ઠાકોરને કહે, "બાપુ! તમે માવતર ઊઠીને મને મરદનું ઓઢણું છાંડવા કયો છો? મારો ધણી તો તમારી આબરૂ સાટુ સામી છાતીએ ગોળી ઝીલીને મર્યો છે. એણે તો તમારું ખાધેલું હક કર્યું. તમને અને અમને ઊજળાં કરી ગયો. મને તો ઘણી ધારતાં આવડ્યું, પણ મારા ધણીને ધણી ધારતાં નો આવડયું એનો વસવસો છે.

ગોંડલ ઠાકોર તો બાઈનાં વેણ સાંભળી ઘા ખાઈ ગયા, પણ પ્રજાવત્સલ રાજવી. સવળો અર્થ લીધો અને ઝીણાની ઘરવાળીને જીવાઈ બાંધી આપી.

ત્રિયા નચાવે દેવને, ત્રિયા અપાવે રાજ;
ત્રિયા કુશળ સંસારમાં, ત્રિયા જગતની લાજ.

સાભાર : શીલવંતી નારીઓ,
લે. જયમલ્લ પરમાર

---

(અનુસંધાન પાના નં. ૩૬ નું ચાલુ)
(બૅન્કમાં ઘરેણાની અદલીબદલી)

કે જેની પાસે ચાવી હોય તે જ જો ચોરી કરે તો તેની સામે વીમાની રકમ આપી શકાય નહીં.

મુકેશ અને અવની સામે ફોજદારી કેસ થયો. વીમા કંપની સામે બૅન્કે દીવાની કેસ કર્યો.

સાભાર : બૅન્કરની ડાયરી, લે. કે.બી. લકુમ

(અનુસંધાન પાના નં. ૧૬ નું ચાલુ)
(પાર્વતી આપા)

તો આ ગ્રામસ્વરાજ્યની! બસ, ગામેગામ ફરવું, ભૂદાન માંગવું. કયાંક રમખાણ થાય, દુકાળ પડે કે અતિવર્ષા થાય! સેવક હાજર! અનેક સંસ્થાઓ સાથે અનુબંધ! આદિવાસીઓ વચ્ચે પણ વર્ષો વીતાવ્યાં. હમણાં-હમણાં જ આદિવાસી બાળકો માટે બે આશ્રમ બનાવ્યા છે. બસ, આ બાળકો તૈયાર થાય અને દેશની આવતી કાલ ઊજળી કરે, એવું સ્વપ્ન જુએ છે!

હવે તો જીવનસંધ્યાનું ટાણું છે! જીવનક્ષિતિજ પર પદમુક્તિ, સંસ્થા મુક્તિના નવા સૂરજ ઊગતા રહે અને એનું એકેક ડગલું આગળ ચાલવાની રમત ચાલુ છે.

પોતાનો કહેવાય એવો પરિવાર તો ક્યારેય ઊભો જ કયાં કર્યો હતો! કોઈની સાથે આસક્તિનાં વળગણ ઊભાં નહોતાં કર્યા. બસ, એ 'મા' હતી, જે આ અલગારીને થોડુંઘણું બાંધી રાખતી. કહે, "એક વાર મને સપનું આવ્યું કે મા મને તાકીદે બોલાવે છે. તરત જ હું નીકળી પડી, પણ ઘેર પહોંચી ત્યારે કેવળ રાખ જોવા મળી!" અને એની આંખોમાંથી સર સર સર આંસુ વહેવા લાગ્યાં.

હા, ભલે કોઈ ગાંડી કહે, કોઈ અલગારી કહે, છયાં ય અંતર છલોછલ છલકાય છે- કરુણા અને પ્રેમથી!

સાભાર : મહેકતા દીવડા, લે. મીરા ભટ્ટ



# શ્રી કુમારપાળ દેસાઈનાં માતા – જયાબહેન

શ્રી કુમારપાળ દેસાઈ ગુજરાતના એક સન્માન્ય સજ્જન, લેખક અને વિચારક છે. તેમના પિતા શ્રી જયભિખ્ખુ પણ તેવું જ વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવતા હતા. શ્રી જયભિખ્ખુનું ખરું નામ બાલાભાઈ, લાડનું નામ ભીખાલાલ, ભિખ્ખુ. ભિખ્ખુ શબ્દની આગળ પત્ની જયાબહેનનું નામ ઉમેરી તેમણે 'જયભિખ્ખુ' ઉપનામ ધારણ કર્યું. પત્નીનું આવું ગૌરવ બીજા કોઈ લેખકે કર્યાનું જાણ્યું નથી.

શ્રી જયભિખ્ખુની એક જ વાત– 'અગરબત્તીના જેવું જીવન જીવવું.' જાતે દુઃખ વેઠવું, પણ અન્યને સુગંધિત કરવું. કુમારપાળનાં માતા જયાબહેને આ સંદેશ પોતાનો કર્યો હતો. ઘેરે મહેમાનો કદી ખૂટે નહિ, મહેમાનોની આગતા સ્વાગતામાં એ કદી પાછાં પડે નહિ, કામથી કદી થાકે નહિ. પુત્ર કહે : 'બા, તમે થાકતાં નથી એ કેવું ?' માતા કહે : 'ભાઈ, થાકથી થાકવાનું નથી. થાક તો ચડ્યો એવો ઊતરી જશે, પણ કલહથી, વિખવાદથી થાકવાનું છે. વિખવાદનો થાક મગજમાં ચડ્યો તો આવી બન્યું સમજવું.'

માતા જયાબહેન તો જેવાં ઉદાર તેવાં આનંદી. નાનપણમાં તેમણે સત્યાગ્રહની ચળવળમાં ભાગ લીધેલો. રાણપુર ગામે સ્મશાનની છાપરીમાં સત્યાગ્રહીઓ રહે અને ઘેર ઘેર ફરી 'રામરોટી' માગી પેટ ભરે. રોજ પ્રભાતફેરી, સભાસરઘસો ચાલ્યા કરે. કુટુંબનો મેળો જામે ત્યારે જયાબહેન એ લડતની વાતો કરે ને શૌર્ય-ગીતો ગાય. શ્રોતાઓનાં દિલ દેશપ્રેમથી ધબકી ઊઠે.

અચાનક શ્રી જયભિખ્ખુનું હૃદયરોગના કારણે અવસાન થયું. તા. ૨૪-૧૨-૧૯૬૯, તેમને પોતાના અંતકાળની આગાહી થઈ જ ગયેલી. તેમણે લખી રાખેલું કે 'આ જીવ જાય ત્યારે કોઈએ શોક કરવો નહિ, ભજન ગાવાં. પત્નીએ વૈધવ્યનાં કોઈ ચિહ્ન પહેરવાં નહિ, જે પહેરાવવા પ્રયત્ન કરે તેને ચાર હત્યા લાગે. મરણ બાદ કોઈ વ્યવહાર કરવો નહિ. રૂવે કૂટે તે પાપનું ભાગી. ગરીબને ભોજન દેવું, પારેવાંને ચણ દેવી અને ગાયને ચાર દેવી.'

શ્રી જયભિખ્ખુ કદી પણ પોતાના વિચારો કોઈના પર ઠોકી બેસાડવાનું કરતા નહિ. જયાબહેન પર પૂરો વિશ્વાસ હશે ત્યારે જ એમણે આ લખ્યું હશે. સામાન્ય રીતે સ્ત્રીઓ લોકાચારને બહુ માને, પણ જયાબહેને પતિની આ અંતિમ આજ્ઞાનું પૂરેપૂરું પાલન કર્યું. એમણે અપૂર્વ શાંતિ ને સમતા દાખવ્યાં. જોઈને સૌ દંગ થઈ ગયાં. પુત્ર કુમારપાળ કહે છે : 'વિચારમાત્રે હું કંપી જતો હતો કે જીવનનું કેન્દ્ર જતાં માતાને હવે કેમ રહેશે? પરંતુ એણે અડગ ધૈર્ય રાખ્યું અને પિતાએ લખ્યા મુજબ જ એમની ઈચ્છાનું પાલન કર્યું. સામેથી એમણે અમને સૌને ધૈર્ય આપ્યું.'

પૂરા બે દાયકા પછી માતા જયાબહેનનું મૃત્યુ થયું, ત્યારે અસહ્ય શારીરિક વેદનામાં પણ એમના મોં પરની શાંતિ અને સમતા જોઈ દાક્તરો પણ નવાઈ પામ્યા. કહે : 'આમાંથી તો અમારે યે શીખવા જેવું છે.' પુત્ર કુમારપાળ કહે છે : 'જીવનથી તો માતાએ અમને ઘણું આપ્યું, પણ તેમનાં મૃત્યુએ પણ અમને ન્યાલ કરી દીધાં !'

સાભાર : માતા-મહાતીર્થ લે. રમણલાલ સોની

# પ્રમેહ, મધુમેહમાં વનસ્પતિઓના સ્વરસનું મહત્ત્વ

આયુર્વેદની ચિકિત્સા વિવિધ પ્રકારની છે. ચરકસંહિતા તો વનસ્પતિઓને જ મહત્વ આપે છે. વિવિધ વનસ્પતિ વિવિધ પ્રકારે અનેક રોગોમાં ઉપયોગી બને છે. આયુર્વેદના ગ્રંથોમાં જે જે રોગોનું વર્ણન છે અને જ્યારે ચિકિત્સાનો પ્રસંગ આવે છે, ત્યારે સૌપ્રથમ વનસ્પતિનો સ્વરસ લેવાની સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. ઋષિમુનિઓએ સ્પષ્ટ જણાવ્યું છે કે તાજી લીલી વનસ્પતિનો રસ તત્કાલ અસર કરે છે. તાજો રસ હોજરીમાં પહોંચી ત્યાં સ્થિત સૂક્ષ્મ ધમનીઓ દ્વારા ચૂસાઈને સમગ્ર શરીરમાં વ્યાપી જાય છે, તેથી તાજા રસો જલદી કાર્ય કરે છે. અમારું સ્પષ્ટ મંતવ્ય છે કે રોગની શરૂઆત થાય કે તરત બે-ત્રણ ઉપવાસ કરવાં અને આ સમયે રોગ અનુસાર વનસ્પતિનો રસ લેવાથી તે રોગ અવશ્ય મટે છે.

મધુમેહરોગને કાબૂમાં લેવા માટે આપણી પાસે વનસ્પતિઓનો અમૂલ્ય ખજાનો છે, અનેક વનસ્પતિ મધુમેહ અને પ્રમેહને મટાડવા સક્ષમ છે, અહીં વનસ્પતિના તાજા રસની વાત કરવી છે. વનસ્પતિના રસને તેનો સ્વરસ કહેવામાં આવે છે.

**ગળો** :- ગળો નામની વનસ્પતિના વેલા વૃક્ષો પર થાય છે. ખાસ કરીને તે લીમડાના વૃક્ષ પર ખૂબ જ થતી હોવાંથી તેને લીમડાની ગળો તરીકે ઓળખવામાં આવે છે. ગળો અમૃત સમાન હોવાથી તેને અમૃતા કહેવામાં આવે છે, ગળો તો અનેક રોગોમાં અતિ ઉપયોગી છે. તેમ છતાં પ્રમેહ, અને મધુમેહને મટાડવા માટે ગળો ખૂબ જ ઉપયોગી છે. આયુર્વેદના ગ્રંથોમાં જણાવવામાં આવ્યું છે કે ગળોનો રસ મધ સાથે પીવાથી પ્રમેહ અને મધુમેહ અવશ્ય મટે છે. વનસ્પતિશાસ્ત્રીઓએ આ વાતને સમર્થન પણ આપ્યું છે.

**આમળાં** :- આસો અને કારતક માસમાં આમળાં આવવા લાગે છે. આમળાને સૌ કોઈ ઓળખે છે. આયુર્વેદ અનુસાર આમળાં રસાયનદ્રવ્ય છે. તથા તે અનેક રોગોમાં ઉપયોગી છે. આયુર્વેદના ગ્રંથોમાં આમળાનાં ખૂબ જ વખાણ કરવામાં આવ્યાં છે. ગ્રંથોમાં જણાવવામાં આવ્યું છે કે આમળાનું સેવન કરવાથી પ્રમેહ મટી જાય છે. કહ્યું છે કે આમળાનો તાજો સ્વરસ મધ સાથે નિયમિત પીવાથી પ્રમેહ તથા મધુમેહ અવશ્ય મટે છે.

**લીલી હળદર** :- શિયાળામાં શાક-માર્કેટમાં લીલી હળદર જોવા મળે છે. લીલી હળદરનું કચુંબર કરીને આપણે તેને ભોજન સાથે લેતા હોઈએ છીએ. લીલી હળદરનો રસ નિયમિત લેવાથી પ્રમેહ મટે છે.

**તુલસી** :- તુલસી તો પૂજનીય અને વંદનીય છે એ ખરું પણ તે સર્વશ્રેષ્ઠ ઔષધ પણ છે. તુલસી અનેક રોગોને મટાડે છે, પ્રમેહને જીતવા માટે તુલસીના પાનનો રસ ખૂબ જ ઉપયોગી પુરવાર થયો છે.

**બિલ્વપત્ર** :- બિલ્વપત્રનો તાજો રસ નિયમિત પીવાથી પ્રમેહ મટે છે.

**અરડૂસી** :- અરડૂસી ખ્યાતનામ વનસ્પતિ છે, તે માતા સમાન છે. અરડૂસી ત્રિદોષનાશક

હોવાથી તે અનેક રોગોને મટાડે છે. મધુમેહ તથા પ્રમેહને કાબૂમાં રાખવા માટે હંમેશાં અરડૂસીનો તાજો રસ પીવો જોઈએ.

**લીમડો** :- લીમડો તો જગવિખ્યાત વનસ્પતિ છે. તે અનેક રોગોમાં ઉપયોગી છે. કહેવામાં આવ્યું છે કે, લીમડાના પાનનો તાજો રસ પીવાથી પ્રમેહ વશમાં રહે છે.

**કારેલા** :- શાક વર્ગમાં કારેલાની ગણના થાય છે. કારેલાના વેલા થાય છે અને તેના ફળને કારેલા કહેવામાં આવે છે અને કારેલાનું શાક બનાવવામાં આવે છે. કારેલા ખૂબ જ કડવાં હોવાંથી મોટાભાગના લોકો તેનું શાક ખાતા નથી. કારેલા ખૂબ જ ગુણકારી છે. પ્રમેહ અને મધુમેહને મટાડવા માટે કારેલાનું શાક અથવા તેનો તાજો રસ ખૂબ જ ઉપયોગી છે.

ટીંડોરા :- ટીંડોરાના વેલા થાય છે, તેને ટીંડોરીના વેલા કહેવાય છે. આ વેલા બહુવર્ષાયુ છે. તેના પર ફળ આવે છે તેને ટીંડોરા કહેવાય છે. ટીંડોરાનું શાક અને સંભારો બનાવીને ખાવામાં આવે છે. ટીંડોરાનાં પાનનો રસ તથા તેના મૂળનો રસ પ્રમેહ અને મધુમેહને મટાડે છે.

**જાંબુ** :- જાંબુના વૃક્ષ થાય છે, તેના ફળને જાંબુડા અથવા રાવણાં કહેવામાં આવે છે. આ ફળ ખટમીઠાં હોવાથી સૌ કોઈ તેનું સેવન કરે છે. આયુર્વેદના વિવિધ ગ્રંથોમાં જાંબુફળને પ્રમેહનાશક કહ્યા છે. ખાસ કરીને જાંબુફળની ગોઠલીમાં જે મીંજ હોય છે તે મધુમેહનાશક છે. જાંબુવૃક્ષનાં પાનનો રસ તથા ફળનો રસ પીવાથી મધુમેહમાં ખૂબ જ ફાયદો થાય છે.

**અમારો અનુભવ** :- અમે મધુમેહ તથા પ્રમેહના રોગીઓને જરૂરીઔષધો સાથે તાજી વનસ્પતિના તાજા સ્વરસ પીવા માટે ભલામણ કરીએ છીએ જે નીચે મુજબ છે.

બિલ્વપત્રનો રસ બે ચમચી, તુલસીના પાનનો રસ બે ચમચી, ગળોનો રસ બે ચમચી, અરડૂસીના પાનનો રસ બે ચમચી તથા લીલી હળદરનો રસ બે ચમચી, લીલી હળદર ન મળે તો તેની જગ્યાએ હળદરનું ચૂર્ણ ૧ ચમચી ઉપરોક્ત રસમાં ઉમેરીને સવાર-સાંજ નિયમિત પીવાથી પ્રમેહ અને મધુમેહ કાબૂમાં રહે છે તથા મટી પણ જાય છે.

નોંધ :- સામાન્ય રીતે તાજી વનસ્પતિના રસની માત્રા ૧ થી ૨ તોલા જેટલી રાખવી તથા સવાર-સાંજ તેનો ઉપયોગ કરવો.

અહીં જે કંઈ વનસ્પતિઓનું વર્ણન કર્યું છે તેમાંથી જે પ્રાપ્ત હોય તેનું સેવન કરતા રહેવાથી પ્રમેહ અને મધુમેહ કાબૂમાં રહે છે.

સાભાર : આયુર્વેદ ગાથા ભાગ-૧
લે. વૈદ્ય અશોકભાઈ તળાવિયા

---

(અનુસંધાન પાના નં. ૨૫ નું ચાલુ)
(ચિત્રકાર સવજી છાયા)

'આઈફેક્સ' તેમજ 'કોટા યુનિવર્સિટી'એ તેમને કલા ડેમોસ્ટ્રેશન માટે આમંત્રણ આપી બોલાવ્યાનું ગૌરવ.

સવજી છાયા ચિત્રકાર
જગત મંદિર સામે, ધનેશ્વર શેરી,
દ્વારકા-૩૬૧૩૩૫
સંપર્ક નંબર : ૯૮૭૯૯૩૨૧૦૩
સાભાર : સમાજની સુગંધ, લે. રમેશ તન્ના

# ચિત્રકાર સવજી છાયા ગુજરાતનું ગૌરવ

દ્વારકાનું નામ પડે એટલે અમારી સામે સૌથી પહેલાં દ્વારકાધીશ આવે. એ પછી તરત ચિત્રકાર સવજી છાયા અને બાળસાહિત્યકાર ઈશ્વર પરમારનું સ્મરણ થાય. સવજી છાયા અનોખા ચિત્રકાર છે. ટપકાં એટલે કે ડોટનો પ્રયોગ તથા ઉપયોગ કરીને તે જે ચિત્રાંકનો કરે છે તે મોહિત કરે તેવાં હોય છે. વડોદરાની વિશ્વખ્યાત એમ.એસ. યુનિવર્સિટીમાં પ્રથમ શ્રેણીમાં કળા-સ્નાતક થનારા સવજી છાયાનાં રેખાચિત્રો આજે તો ગુજરાતનું ગૌરવ બની ગયાં છે.

સવજી છાયા માત્ર ચિત્રકાર છે તેવું નથી. તેઓ ચિત્ર અવલોકનકાર અને છંદમુક્ત કવિતાઓના કવિ પણ છે. તેમણે સુંદર પેઈન્ટિંગ્સ, લેન્ડસ્કેપ, પોર્ટ્રેટ્સ પણ કર્યા છે. આ બધાંમાં તેમનો વિશેષ છે ટપકું. તેઓ ટપકાંની મદદથી, કોઈ ગ્રામીણ નારી સુંદર ભરતકામ કરતી હોય તે રીતે કૃતિ સર્જે છે. અનેક લયબદ્ધ ટપકાં ભેગાં મળીને જે આકૃતિ સર્જાય છે તે માત્ર આકૃતિ નથી હોતી, એ તો હોય છે ધબકતી કૃતિ. એક ભાવક તરીકે મને હંમેશાં લાગ્યું છે કે સવજી છાયાનાં ચિત્રોનાં ટપકાં બોલકાં ટપકાં છે. એ લયબદ્ધ છે અને જીવંત પણ છે.

જાણીતા સમીક્ષક ગુણવંત ઉપાધ્યાય કહે છેઃ ''એક ટપકું સહેજ અમથું ટહેલવા જ્યાં નીકળે, કોઈ રેખાચિત્ર જેવું આંખ સામે ઉદ્‌ભવે. સર્જકનો આ ભાવ જાણે કે સવજી છાયાનાં ચિત્રોમાં સતત ઝિલાય છે.''

સવજી છાયાએ જેને સીમાચિહ્નરૂપ (માઈલસ્ટોન) કહી શકાય તેવું ઘણું કામ કર્યું છે. તેમણે ગુજરાત સરકારના આમંત્રણથી ગુજરાતી ભાષાના કવિ, લેખક તથા વિવેચકોનાં ૨૦૦ વ્યક્તિચિત્રો બનાવ્યાં હતાં. આ તમામ ચિત્રો ગુજરાતી વિષયનાં પાઠ્યપુસ્તકોમાં પ્રકાશિત થયાં હતાં. એ રીતે તેમની સર્જનકળા ગુજરાતના વિદ્યાર્થીઓ સુધી પહોંચી હતી. એ જ રીતે વીસમી સદીની ગુજરાતી કાવ્યમુદ્રામાં પણ તેમનાં ૩૦૦ રેખાંકનો પ્રસિદ્ધ થયાં હતાં. ગુજરાત કલા પ્રતિષ્ઠાન દ્વારા ગુજરાતના કળાવિશ્વમાં અદ્‌ભુત કામ થઈ રહ્યું છે. આ સંસ્થાના વાહક અને મહામંત્રી રમણીક ઝાપડિયા કળા અને કળાકારો માટે અપૂર્વ અને અદ્વિતીય કામગીરી કરી રહ્યા છે. તેમણે સવજી છાયા લિખિત- રેખાંકિત પુસ્તકો 'કૃતિ, આકૃતિ અને પ્રકૃતિ' તેમજ 'સૂર્યસંવેદના' પ્રકાશિત કર્યા છે. તો ખુદ સવજીભાઈએ કલા વિષયક 'રેખાંકનો', 'મોચા હનુમાન આશ્રમ', 'ત'તલગાજરડાનો ત', 'રેખાંકનમાં રમતું દ્વારકા' વગેરે પુસ્તકો પ્રકાશિત કરેલ છે. તેમનો ઈતિહાસ સાથે ઘરોબો એટલે દ્વારકા વિશેના લેખો, પ્રકાશનોથી પ્રેરાઈ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ગાંધીનગરે 'દ્વારકા ઐતિહાસિક અને સાંસ્કૃતિક' સચિત્ર પુસ્તકનું રૂપિયા પાંચ લાખથી સોમનાથમાં સન્માન કર્યું. તાજેતરમાં તેમની આત્મકથા 'લક્ષ્મણરેખા' પ્રકાશિત થઈ છે.

રમણીક ઝાપડિયા સવજી છાયાની કળા વિશે શું કહે છેઃ ''દેવભૂમિ દ્વારકાની કૃષ્ણભૂમિમાં ભગવદ્ ગીતાના જ્ઞાન-કર્મ અને

ભક્તિનાં જીવનસૂત્રો આત્મસાત્ કરીને તેમની પીંછીની ધારામાંથી સતત સરવાણી ફૂટતી રહી છે. તેઓ સિદ્ધહસ્ત કળાસાધક છે.''

એવું કહેવાય છે કે શાંતિ પમાડે તે સંત. એ જ રીતે એમ પણ કહી શકાય કે વિશ્રામનો અનુભવ કરાવે તે કળાકાર. કળાકારનું મુખ્ય કામ ભાવકમાં સંવેદના ઊભી કરવાનું છે. એકલી અને નકરી સમૃદ્ધિ માણસને દઝાડતી હોય છે. એ વખતે કળા શીતળ મલમ જેવું કામ કરતી હોય છે. કળાનું મુખ્ય કામ સંવેદનાનું સંગોપન કરવાનું છે. જ્યારે સમાજમાં વેદના વધતી હોય છે ત્યારે કળાકારો મેદાનમાં આવે છે. સંવેદનામાં વૃદ્ધિ કરીને તેઓ વેદનાને માત કરે છે. સમાજમાં જેટલી સંવેદના વધે તેટલી વેદના ઘટે. કળાકારો સંવેદનાના ઉદ્‌ઘોષકો અને વાહકો છે. સવજી છાયા પણ એવા જ એક કળાકાર છે. તેઓ પોતાની કેફિયત રજૂ કરતાં કહે છે : ''વાસ્તવિકતા, કલ્પના અને સુંદરતા વગર ચિત્રનું સર્જન જ ન થઈ શકે. આવું જ કાવ્ય, સાહિત્ય અને અન્ય કલાઓ વિશે સમજી શકાય. ચિત્ર, સાહિત્ય, કલા દ્વારા માનવ કે સમાજના ઉત્કર્ષ માટે કંઈક કરી છૂટવાની ખેવના હોવી જોઈએ. અન્યથા તે નિરર્થક છે.''

કૃતિ, આકૃતિ અને પ્રકૃતિમાં લેખક-ચિત્રકાર સવજી છાયાએ કેટલીક સામગ્રી કૃષ્ણ-પર્યાવરણ ઉપર પણ સંયોજી છે. પર્યાવરણની જાળવણી આજનો યક્ષપ્રશ્ન છે. તેઓ કહે છે : ''ભારત જ નહીં, વિશ્વ માટે તે સમસ્યા છે. આજે વાતાવરણમાં અંગારવાયુનો સતત વધારો પ્રાણવાયુને રૂંધી રહ્યો છે. પ્રાચીન ભારતના ઋષિઓએ વૃક્ષને ખાસ મહત્ત્વ આપેલું. વૃક્ષો અંગારવાયુ શોષી પ્રાણવાયુ આપે છે, વધારે પ્રાણવાયુ આપતાં કેળ તથા પીપળાને ધર્મ સાથે જોડી ભારતના ઋષિઓએ પર્યાવરણને મહત્ત્વ આપેલું. કૃષ્ણ પર્યાવરણપ્રેમી હતા. એટલે જ તો તેમણે ગીતામાં કહયું છે કે 'હું ઋતુઓમાં વસંત છું અને વૃક્ષોમાં પીપળો.' એક પર્યાવરણપ્રેમી જ વસંત-પીપળાનો આદર કરી શકે.'' કોઈ સર્જકમાં પર્યાવરણ માટેની આટલી સક્રિય નિસબત હોય તે પણ ઘણી મોટી વાત છે.

આમ તો કોઈપણ કળાકાર હૃદયથી દુઃખી હોય છે. અંદરનો તાપ તેને કળાની તપશ્ચર્યા કરવા પ્રેરે છે. અંદરની પીડા તેને સતત ડંખે છે. અંદરની સરવાણી જ્યારે કળાસ્વરૂપે બહાર આવે છે ત્યારે કળાકારને સંતોષ થાય છે. શસ્ત્રોએ વિશ્વને યુદ્ધોની ભેટ આપી અને વિશ્વને વેરવિખેર કર્યું, શાસ્ત્રોએ વિશ્વને નેક રાખવા પ્રયાસો કર્યા તો કળાએ બધા જ સીમાડાઓ તોડીને સમગ્ર માનવજાતને સંવેદનાની એક માળામાં સંગઠિત કરવાનો પ્રયાસ કર્યો છે. સવજીભાઈ કહે છે 'કલા એ મેલાં દેવ, તેને સતત રિયાઝના ડાકલાં વગાડી ઉજળાં દેવ બનાવવા પડે. પછી જ સિદ્ધિ પ્રસિદ્ધિ મળે ને કદાચ કલાકાર બે પાંદડે થાય.'

આવી સિદ્ધિ પ્રસિદ્ધિ પામેલા આ કલાકારનું મોડે મોડે સન્માન થયું, લલિતકલાએ 'ગુજરાત ગૌરવ પુરસ્કાર' આપી કલાકાર સાથે એવોર્ડનું પણ સન્માન વધાર્યુ તો ફૂલછાબ એવોર્ડ, ગુજરાત કલા પ્રતિષ્ઠાનનો 'કલા રત્ન' એવોર્ડ જામનગરનો 'કલા રત્ન' એવોર્ડ જેવા પ્રતિષ્ઠિત આઠેક એવોર્ડ મળ્યા.

આ ઉપરાંત દિલ્હીની કલા સંસ્થાન

(અનુસંધાન પાના નં. ૨૩ ઉપર)

# દિવ્યાંગોને ૩૫ વર્ષથી રોજગારી આપતા નિશીથ મહેતા : કલા-આસ્વાદક, કલા-પોષક, સંસ્કૃતિ-વર્ધક નિશીથભાઈ માનવતાની મૂડી છે

જેને પ્રેમ, હૂંફ અને ટેકાની જરૂર હોય એને તમે ધારો કે ઉપેક્ષિત કે હડધૂત ન કરો, પણ તેને આપી આપીને માત્ર સહાનુભૂતિ આપો એ કેમ ચાલે? તેની ઝંખનાને અવગણો તે કેમ સ્વીકારી શકાય? તેના મનોરથોને કચડો તે કેમ પાલવે?

આવું કશું ન ચાલે, પણ આપણા સમાજમાં વર્ષોથી કે દાયકાઓથી નહીં, સદીઓથી એમ જ ચાલે છે.

પ્રેમભૂખ્યાંને મદદ કરવાથી, મદદ કરનારને કંઈક કર્યાનો. કદાચ સંતોષ મળે, પણ પ્રેમભૂખ્યાની ભૂખ કે તરસમાં કોઈ ફરક ન પડે.

જેને જેની જરૂર હોય એને એ જ મળવું જોઈએ. દિવ્યાંગોને સહાનુભૂતિની નહીં, હૂંફની જરૂર હોય છે.

ભાવનગરના નિશીથભાઈ મહેતા દિવ્યાંગોને આવી હૂંફ ૩૫ વર્ષથી આપી રહ્યા છે. તેમની વિશ્વખ્યાત કંપની 'માઈક્રોસાઈન'માં ૬૦ ટકા સ્ટાફ દિવ્યાંગોનો છે. કેટલાક કર્મચારી મૂક-બધિર છે તો કેટલાક મનોદિવ્યાંગ (મેન્ટલી રિટાયર્ડ) છે. કેટલાક અન્ય રીતે દિવ્યાંગ છે. પોતાના કારખાનામાં દિવ્યાંગોને નોકરીએ રાખવાનું નિશીથભાઈએ ૧૯૮૮થી શરૂ કર્યું છે. જે વાત નિશીથભાઈને ૧૯૮૮માં સમજાઈ તે વાત ભારત સરકારને સાત વર્ષ પછી, ૧૯૯૫માં સમજાઈ. ભારત સરકારે ઈક્વલ ઓપોર્ચ્યુનિટીઝ, પ્રોટેક્શન ઓફ રાઈટ્સ એન્ડ ફુલ પાર્ટિશીપેશન એક્ટ-૧૯૯૫માં ઘડ્યો. આમેય કાયદા કરતાં માનવતા ચડિયાતી હોય છે, મજબૂત હોય છે અને પહેલી હોય છે.

નિશીથભાઈ સફળ ઉદ્યોગપતિ છે, તેના પહેલાં એક સંવેદનશીલ અને ધબકતી વ્યક્તિ છે. તેઓ સફળતાની સાથે સાથે સાર્થકતામાં વધુ માને છે.

જેવું માને છે તેવું જીવે પણ છે. દિવ્યાંગોને તેમણે રોજગારી આપી, પણ સહજ રીતે, પ્રેમથી અને પૂરેપૂરા સન્માન સાથે. પોતે ઉપકાર કરી રહ્યા છે તેવો ભાવ ઊંડે ઊંડે પણ ક્યાંય નહીં. કદાપિ નહીં. તેઓ માને કે ઈશ્વરે દિવ્યાંગ પાસેથી શરીરની કોઈ એક શક્તિ લઈ લીધી હોય તો બદલામાં બીજી શક્તિ તો આપી જ હોય છે!

તેમણે જુદા જુદા પ્રકારના દિવ્યાંગો માટે કારખાનાંની વિવિધ પ્રવૃત્તિઓનું વર્ગીકરણ કર્યું. જે બેસી શકતા હતા તેમને એમને અનુરૂપ કામ સોંપ્યું, જેઓ મનોદિવ્યાંગ હતા તેમના માટે જુદા પ્રકારનું કામ શોધાયું. દરેકને તાલીમ પણ અપાઈ.

કેવો રહ્યો અનુભવ?

ચમત્કાર કહી શકાય તેવો. દિવ્યાંગોએ ખૂબ જ સારું કામ આપ્યું. નૉર્મલ વ્યક્તિ કરતાં સહેજ પણ ઊતરતું નહીં. નિશીથભાઈએ દિવ્યાંગો પર મૂકેલો પ્રેમ સાર્થક પુરવાર થયો છે. નિશીથભાઈ કહે છે, ''કોઈ વ્યક્તિનું એક પાસું નબળું હોય તો બીજું પાસું શક્તિશાળી હોય જ. અમારે ત્યાં કાર્ય કરતા શ્રમયોગીઓ

જવાબદાર, નિષ્ઠાવાન, વિશ્વાસુ, કાર્યક્ષમ અને ઉત્સાહી છે. તેઓ લાગણીથી ધબકતા અને જીવતા માણસો છે. આવા કર્મચારી તો કોઈ પણ માલિક માટે આશીર્વાદ રૂપ ગણાય. આ દિવ્યાંગ કર્મચારીઓ અમારી કંપનીના સાચા ભાગીદાર છે. તેઓ કંપનીની મૂડી છે.''

વાર્ષિક આશરે રૂા. ૧૫ કરોડનું ટર્નઓવર કરતી આ કંપની મોટરગાડી અને વિમાન માટેના વિવિધ પાટ્‌ર્સનું ઉત્પાદન કરે છે. ૧૯૭૯માં નિશીથ મહેતાએ સ્થાપેલી માઈક્રોસાઈન કંપનીનાં ઉત્પાદનો હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ, 'ઇસરો', 'ભેલ' જેવી પ્રતિષ્ઠિત કંપનીઓ ખરીદે છે.

દિવ્યાંગોના જોડાવાથી કંપનીની ગુણવત્તા કે ઉત્કૃષ્ટતામાં કોઈ બાંધછોડ થઈ નથી. અરે. કામની ગુણવત્તાએ ઘણાં સન્માન અપાવ્યા છે.

આ કંપનીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અનેક પુરસ્કારો મળ્યા છે. નિશીથભાઈને ૧૯૯૯માં નવી દિલ્હી ખાતે એન.એસ.પી.ડી.રી. હેલેન કેલર પુરસ્કાર સોનિયા ગાંધીના હસ્તે અપાયો હતો તો ભારતના રાષ્ટ્રપતિના હસ્તે વર્ષ ૧૯૯૯માં દિવ્યાંગજનોના કલ્યાણ માટે કામ કરવા માટે રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરાયો હતો.

ભારતના તત્કાલીન નાણામંત્રી દ્વારા ૨૦૦૩-૨૦૦૪માં ભૌતિક રીતે પરિવર્તિત થતાં ઈમ્પાવરમેન્ટ માટેનો એવોર્ડ પ્રાપ્ત થયો હતો. 'યહી હૈ જિંદગી' ટીવી શ્રેણીમાં અમિતાભ બચ્ચને નિશીથભાઈ મહેતા અને પ્રીતિબહેન સાથે સંવાદ કર્યો હતો. આઈઆઈએમ (અમદાવાદ) દ્વારા તેમની કંપની વિશે કેસ સ્ટડી પણ કરાયો છે. વિદેશની યુનિવર્સિટીઓમાં પણ તેમની કંપનીના અનુભવો ભણાવાય છે.

નિશીથભાઈ અને તેમનાં જીવનસાથી પ્રીતિબહેન જેમ એકબીજાને વરેલાં છે, તેમ સમાજને પણ વરેલાં છે. નિશીથભાઈ ભાવનગરના સાંસ્કૃતિક એલચી છે. કળા આસ્વાદક છે તેમ કળાપોષક પણ છે. તેમણે 'સેન્ટર ફોર એક્સલન્સ'ની સ્થાપના પણ કરી છે. 'સેન્ટર ફોર એક્સલન્સ' એટલે 'માઈક્રોસાઈન'ની વિચારધારાનું સર્જનાત્મક અને રચનાત્મક સ્વરૂપ. અહીં યોજાતી દરેક પ્રવૃત્તિમાં જીવનની ગુણવત્તા અને સંવાદિતાના સંવર્ધનનો હેતુ છે. અહીં સંગીત, નૃત્ય, ચિત્ર, સાહિત્ય, યૂથ એમ્પાવરમેન્ટ, સેલ્ફ ડેવલપમેન્ટ, ટેબલ ટેનિસ, સ્કાઉટ, યોગ, ધ્યાન, એક્યુપ્રેશર, રેકી, કુદરતી, ઉપચાર જેવી પ્રવૃત્તિઓ યોજાતી રહે છે.

નિશીથભાઈ વ્રતના માણસ છે. તેમની વ્રતભાવના કંઈક આવી છેઃ

**To think differently, produce innovative ideas and quality products. Ensure Customer satisfaction.**

**Develop Training & tools that help people overcome physical, mental and personal limitations.**

**To identify the enterprise and its people with the society**

**To enrich the community life and living by encouraging sports, music, fine arts**

**To live up to the aim of "Service Above Self."**

જુદી રીતે વિચારો, નવું વિચારો અને

ગુણવત્તાયુક્ત ઉત્પાદન કરો.

ગ્રાહકોનો સંતોષ એ જ મુદ્રાલેખ. તેમના સંતોષની સતત ખાતરી કરો. એવા સાધનો કે ઉપકરણો વિકસાવો કે જે લોકોને શારીરિક, માનસિક અને વ્યક્તિગત મર્યાદાઓને દૂર કરવામાં મદદ કરે છે. સાહસિકતાને શોધીને તેનો સમાજ સાથે સમન્વય કરો.

રમત-ગમત, સંગીત, લલિતકળાઓને સતત પ્રોત્સાહિત કરો. સમુદાય અને સામૂહિક જીવનશૈલીને ઉત્તેજન આપો, કારણ કે એ જ જીવંત સમૃદ્ધિ છે. 'બીજાનું ભલું કરવું' એ જ ઉદ્દેશ્ય સાથે જીવો.

કોઈને કદાચ એ જાણીને નવાઈ લાગશે કે સફળ ઉદ્યોગપતિ નિશીથભાઈ ભણવામાં સામાન્ય (એવરેજ) હતા. કૉલેજકાળમાં એટીકેટી પણ લઈ આવેલા. એટીકેટી લાવેલો માણસ આજે સફળ ઉદ્યોગપતિ છે અને સાર્થક માણસ છે. ધીખતા ધંધામાં તે ધબકતી સંવેદનાનું સંયોજન કરી રહ્યો છે. આપણે માર્કશીટ જોઈને માપ કાઢવાની ટેવ રાખીએ છીએ પણ નિશીથભાઈ જેવા માણસો પરંપરાગત માનસિકતા બદલવાની ફરજ પાડે છે!

નિશીથભાઈનાં જીવનસાથી પ્રીતિબહેન ખભેખભો અને હૃદય મિલાવીને તેમને સતત સહયોગ આપે છે. તેઓ પણ વર્ષો સુધી 'માઈક્રોસાઈન' કંપનીમાં સક્રિય રહ્યાં છે. (ચેક પર તેમની જ સાઈન ચાલતી તેટલાં સક્રિય!) દીકરો પથિક મહેતા ટેબલ ટેનિસ ખેલમાં અનેક દેશોમાં ભારત વતી રમી આવ્યો છે. હવે તો પથિકે માઈક્રોસાઈનની મોટાભાગની જવાબદારી સંભાળી લીધી છે! તેમણે કંપનીની સાથે સાથે માતા-પિતાની સંવેદનાનો વારસો પણ સ્વીકાર્યો-સંભાળ્યો છે. પથિકભાઈનાં જીવનસાથી અને નિશીથભાઈ-પ્રીતિબહેનનાં પુત્રવધૂ ભાગ્યશ્રીબહેન પણ કચ્છનાં કસબી કારીગરો માટે વિશેષ પહેલ કરીને પ્રવૃત્તિ કરી રહ્યાં છે. (આ જ પુસ્તકમાં તેમની સ્વતંત્ર સ્ટોરીનો સમાવેશ કરાયો છે.) નિશીથભાઈનાં દીકરી પૂર્વીબહેન નીવડેલાં તસવીરકાર છે.

નિશીથભાઈ અને પ્રીતિબહેને પોતાના ઘરનું નામ રાખ્યું છે 'ઘર'. ઘરનું નામ 'ઘર' પાડયું હોય તેવા ઘણા ઓછા લોકો હશે ! નિશીથભાઈ અને તેમનો પરિવાર સંગીત, પ્રેમ, સંવાદિતા, કળા, સાહિત્ય, પર્યાવરણ, પ્રકૃતિ એમ વિવિધ વાનાં સાથે સતત જોડાયેલો રહે છે. ગમતું હોય તેને ગૂંજે ભરતાં સતત વહેંચ્યા કરે છે. ઉત્તમ પુસ્તકો અને ઉત્તમ ડીવીડી, સીડી-નિશીથભાઈએ હજારોની સંખ્યામાં વહેંચી હશે. જે સારું છે તે સહિયારું છે તેવો તેમનો મત છે.

આવા માણસો માનવતાના છોડને સુકાવા નથી દેતા અને તેથી જ સ્તો દુનિયા લીલીછમ રહે છે!

નિશીથ મહેતા, માઈકોસાઈન પ્રોડક્ટ્સ,
મહેતા ટેરેસ, સત્યનારાયણ રોડ, ભાવનગર,
૩૬૪૦૦૧

સંપર્ક નંબર : ૯૨૨૭૫૫૦૭૭૭

**Email :**
**nisheeth.mehta@microsignproducts.com**

સાભાર : સમાજની સુગંધ,
લે. રમેશ તન્ના

# પોતાના ઘરને પુસ્તકાલયમાં ફેરવી નાખનારા પુસ્તકપ્રેમી, શ્રેષ્ઠ વાચક સંતોષ કરોડે પુસ્તક પ્રસાર માટે સતત મથતા રહે છે, જીવનસાથી આરતીબહેન પૂરો સહયોગ આપે છે

૮૨ લાખના અમદાવાદ શહેરમાં અનેક યુગલો વસતાં હશે પણ રાણીપ વિસ્તારમાં રહેતાં આરતીબહેન અને સંતોષભાઈ કરોડે એકદમ નોખું-અનોખું યુગલ છે. આપણે તેમને પુસ્તક-યુગલ (The Book-Couple) પણ કહી શકીએ.

સંતોષભાઈ-આરતીબહેનનું નિવાસસ્થાન રૉ-હાઉસ છે. તેમનું રૉ-હાઉસ હવે પુસ્તક-હાઉસ કે ગ્રંથાલય બની ગયું છે. પહેલા મજલે તેમણે મહાત્મા ગાંધી ગ્રંથમંદિર બનાવ્યું છે. તેનું ઉદ્‌ઘાટન જાણીતા સાહિત્યકાર નટવરભાઈ પટેલના હસ્તે થયું હતું. આ ગ્રંથમંદિરમાં ગુજરાતી, હિન્દી, મરાઠી અને સંસ્કૃત ભાષામાં મહાત્મા ગાંધી આધારિત ૩૫૦થી વધુ પુસ્તકો છે. અહીં તમને મહાદેવભાઈ દેસાઈની તમામ ડાયરીઓ મળે તો કાકાસાહેબ કાલેલકર ગ્રંથાવલિ પણ મળે.

પોતાના ઘરમાં બાળકો અને યુવાનો માટે પણ તેમણે ગ્રંથાલય કર્યું છે. સોસાયટીના સભ્યો તેનો લાભ લે તેવા સક્રિય પ્રયાસો પણ તેમણે કર્યા છે. તેમનાં અંગત ૪૦૦૦ પુસ્તકો તેમના એકલાનાં નથી, સમગ્ર સમાજનાં છે. તેઓ 'ગ્રંથ સંવાદ' નામનું સામયિક આઠેક વર્ષથી પ્રકાશિત કરે છે. અરે, વિવિધ કાર્યક્રમો કરીને પોતાના નિવાસસ્થાનરૂપી 'ગ્રંથમંદિર'ને સતત ધબકતું રાખે છે. તેમની દરેક પ્રવૃત્તિમાં આરતીબહેનનો પૂરો સહયોગ હોય છે. બન્ને મળીને પુસ્તકોના પ્રસારનું દૃષ્ટિપૂર્વકનું, સાતત્ય સાથેનું કામ કરે છે.

સંતોષભાઈમાં રહેલા પુસ્તકપ્રેમનો ઝરો ક્યાં? બાળપણમાં, માતા-પિતાએ આપેલા સંસ્કારમાં અને ઘરના વિદ્યાકીય વાતાવરણમાં.

તેમનું વતન દેવગઢબારિયા, નાનપણથી જ તેમને વાચનનો શોખ કે ટેવ. તેઓ માનસિંહ પુસ્તકાલયમાં નિયમિત વાંચવા જતા. બાળ સામયિકો વાંચતા. ભણવામાં તેજસ્વી હતા. સરકારી નોકરી મળી. પણ અમદાવાદની જાણીતી એમ. જે. લાઈબ્રેરી એટલી બધી ગમી ગયેલી કે ગુજરાતમાં બીજાં શહેરોમાં મળતી નોકરી કે પોસ્ટિંગ જતું કરીને અમદાવાદની પસંદગી કરી હતી.

બોલો, પુસ્તકાલયના આધારે વસવાટ માટેના શહેરની કોઈ પસંદગી કરે? (એક પરપ્રાંતીય ભાઈએ કાંકરિયા તળાવની ફરતે રોજ ચાલી શકાય એ માટે અમદાવાદમાં રહેવાનું પસંદ કરેલું. આજે પણ તેઓ જૈફવયે ચાલે છે.)

સંતોષભાઈનાં માતા વસુંધરાબહેન અને પિતા બાલકૃષ્ણભાઈ. પિતા શિક્ષક અને આચાર્ય હતા. તેઓ પણ પુસ્તકોના ચાહક. અમદાવાદ આવે ત્યારે પુત્ર સંતોષને સાથે લેતા આવે. તેઓ ભદ્રસ્થિત સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયમાં પુસ્તકો ખરીદવા અચૂક જાય. નાનકડો સંતોષ અહીં ઉપલબ્ધ અવનવાં પુસ્તકોથી આંખો અને હૃદયને ભરી લે. એ પ્રેમ આજે પણ અકબંધ છે

તેમના હૃદયમાં અને જીવનમાં...

તેઓ ઉત્તમ વાચક. ખૂબ વાંચે. આજે પણ દરરોજ, ઓછામાં ઓછાં પાંચ પાનાં વાંચવાનો ક્રમ તેમણે જાળવી રાખ્યો છે. (કવિવર ઉમાશંકર જોશી કહેતા કે દરેક વ્યક્તિએ, જેમ જમીએ છીએ, તેમ નિયમિત વાંચવું જોઈએ.) જીવનઘડતર માટે અને ઉત્તમ જીવન જીવવા માટે પુસ્તકો ઉપયોગી છે એવું માનતા હશે એટલે વર્ષોથી પાકી પ્રીતે અને જુદી જુદી રીતે પુસ્તક પ્રસાર કર્યા જ કરે છે.

ત્રીસેક વર્ષથી તેઓ જન્મદિવસ, લગ્નપ્રસંગ કે શુભ પ્રસંગે સગાં-વહાલાં, મિત્રો. કે સ્વજનોને પુસ્તકો જ ભેટ આપે છે. પ્રકાશકો સાથે સતત સંપર્કમાં રહે. નવું અને સત્ત્વશીલ પુસ્તક આવ્યું નથી કે સંતોષભાઈની તેના પર અમીનજર પડી નથી. ગમતાનો કરીએ ગુલાલ, એ ન્યાયે સુંદર સુંદર પુસ્તકો ખરીદીને મિત્રોને ઘેરબેઠાં પહોંચાડતા જ રહે.

સગાઈ થઈ ત્યારે વાગદત્તા (ફિયાન્સી) આરતીબહેનને તેમણે '૩૬૫ ક્વોટેશન' નામનું સુંદર પુસ્તક ભેટ આપ્યું હતું. આ તો ઠીક છે કે આરતીબહેન પોતે પણ પત્રકાર-લેખિકા અને પુસ્તકપ્રેમી એટલે તેમને ખૂબ ગમ્યું. બાકી, વાગદત્તા તો રિંગ કે કોઈ અન્ય ઉપહારની જ અપેક્ષા રાખેને!

સંતોષભાઈના પુસ્તકપ્રેમ અને પુસ્તકોના પ્રસારની કથા, તેમણે એ માટે કરેલા પ્રયાસોની માંડીને વાત કરીએ તો એક પુસ્તક થાય. ફેસબુકના સુરેન્દ્રનગરસ્થિત મિત્ર મહેન્દ્રભાઈ પઢારિયાના પુસ્તક લોકાર્પણમાં ગાંઠનાં પૈસે અમદાવાદથી સુરેન્દ્રનગર ગયા. હમણા જીવનસાથી આરતીબહેનનો જન્મદિવસ આકરુંદમાં ઈશ્વરભાઈ પ્રજાપતિએ ચમત્કાર કરીને સ્થાપેલા આધુનિક પુસ્તકાલયમાં ઊજવ્યો. ધરમપુરમાં ડૉ. ધર્મેન્દ્ર પટેલે હરતું-ફરતું પુસ્તકાલય શરૂ કર્યું તો ભાંગેલી તબિયતે અમદાવાદથી ઓટોરિક્ષા કરીને સજોડે ગયાં. ઉંમર થતાં તબિયત નરમ-ગરમ રહે, ચાલવામાં થોડી તકલીફ પડે છે તો પણ પુસ્તક પ્રસારનું કામ હોય તો સહેજે રોકાય નહીં. ધીમે ધીમે પણ પહોંચે જ.

તેઓ શિક્ષણ વિભાગના ઉપસચિવ તરીકે નિવૃત્ત થયા છે. અમદાવાદથી ગાંધીનગર પૉઈન્ટની એસ.ટી. બસમાં જાય ત્યારે પણ સતત વાંચતા જ હોય. કન્ડક્ટરો-ડ્રાઈવરો અને સાથી-મુસાફરોને ખબર જ કે આ ભાઈ મોટા વાચક છે. પોતાના લગ્નજીવનને ૨૫ વર્ષ થયાં તો કુલ ૨૫ કાર્યક્રમો કર્યા તેમાં બે કાર્યક્રમો તો પુસ્તકોને લગતા જ હતા. (ના હોય એવું કઈ રીતે બને!) એ વર્ષ દરમિયાન ૩૬૫ દિવસમાં પોતે ૨૫ પુસ્તકો વાંચવાનું વ્રત લીધું હતું તે પણ પૂરું કર્યું હતું. મરાઠી પુસ્તકો ખરીદવા મુંબઈ, નાસિક, પુણે કે નાગપુર જાય. નવી દિલ્હીમાં યોજાતા વર્લ્ડ બુક ફેરમાં છ-સાત વખત ગયા છે. અમદાવાદમાં યોજાતા એક પણ પુસ્તકમેળાને તેઓ છોડતાં નથી. અરે, શહેરમાં થતા પુસ્તક લોકાર્પણ સમારંભમાં સંતોષભાઈ તમને અચૂક જોવા મળે.

પોતાનાં સાસુ જ્યોતિબહેન અને સસરા સુરેન્દ્રનાથ એકનાથની સ્મૃતિમાં તેમણે ગુજરાતી સાહિત્ય પરિષદના ગ્રંથાલયને ૩૫૦ પુસ્તકો અને એક કબાટ ભેટ આપ્યાં. તેમણે ગુજરાતનાં

અનેક પુસ્તકાલયો અને સંસ્થાઓને ઘણાં પુસ્તકો ભેટ આપ્યાં છે.

તેમણે અનેક બાળકો-કિશોરો સહિત મોટી સંખ્યામાં લોકોને પુસ્તકપ્રેમી બનાવ્યા છે. તેમની પ્રેરણાથી ગુજરાતમાં પુસ્તકાલયો શરૂ થયાં છે અને પુસ્તક પ્રસાર અને વાચનના અવનવા પ્રયોગો પણ થયા છે.

સંતોષભાઈએ પુસ્તક પ્રસાર અને વાચન માટે કરેલા વિવિધ પ્રયોગોમાં નિઃસ્વાર્થભાવ છે, પુસ્તકો માટેનો સાચો પ્રેમ છે અને લોકો વાંચતા થઈને સારું જીવન જીવે અને એ રીતે સ્વસ્થ સમાજનું નિર્માણ થાય તેવો શુભ હેતુ પણ છે.

તેઓ કહે છે, આમાં જોકે અમારો રસ વારસાગત ખરો, સાથે સાથે માતૃભાષા મરવા પડી છે એવી બૂમો સામે ખિસકોલીકર્મ છે.

શતાબ્દી પૂર્ણ કરીને સંતોષભાઈ ઉપર જશે ત્યારે, યમરાજ માટે પણ ચોક્કસ એક સુંદર પુસ્તક ભેટ તરીકે લઈ જશે એ નક્કી.

સંતોષભાઈ કરોડે આપણા સૌનું ગૌરવ છે. ભગવાન તેમને નિરામય દીર્ઘાયુ આપે અને તેઓ સતત પ્રસન્ન રહે તેવી પ્રાર્થના કરીએ. તેમનાં જીવનસાથી આરતીબહેનને પણ ૧૧ દરિયા ભરીને અભિનંદન. તેઓ, સહેજ પણ વહેવારુ ના લાગે તેવી, સંતોષભાઈની તમામ પ્રવૃત્તિઓમાં ખડેપગે અને ભરેલા હૃદયે ઊભાં રહે છે તે મોટી વાત છે.

**Aratibahen & Santosh Karode**
**Ghar No.58, Sector-3, Opp ADC Bank, Niranaynagar, Ahmedabad-382481**
**9879045318**

સાભાર : સમાજની સુગંધ, લે. રમેશ તન્ના

## ભક્ત કવિઓ કાવ્યો બનાવતા નથી, તેમના વડે સ્વયં કાવ્યો બની જતા હોય છે.

અલખના અધ્યાત્મયોગીઓ પોતાની પરમાત્માપ્રાપ્તિની ધૂનમાં મસ્ત રહેતા હોય છે. યોગ્ય માનવોને ઉપદેશ આપે છે પણ ઉપદેશ આપવા માટે તેઓને વક્તા બનવાની-વાણીને શણગારવાની-વાગ્‌વિલાસનો અભ્યાસ કરવાની જરૂર હોતી નથી. તેઓના ચૈતન્યમાં ક્યારેક ક્યારેક સ્ફુરણા થતી હોય છે. આ સ્ફુરણાઓ જ તેમનો ઉપદેશ હોય છે. આ સ્ફુરણાઓ જ તેમના કાવ્ય હોય છે. મહાકવિ વાલ્મિકી, તિરુક્કુરલ, મહાકવિ કબીર કે નાનક, તુલસીજી કે પુનિત મહારાજ ક્યારેય કાવ્ય શીખવા ગયા ન હતા; પણ એમની રચનાઓએ આધ્યાત્મિકતાના અનુભવની ઊર્મીઓ હતી. તેમની રચના જાણે માતા સરસ્વતીએ સાક્ષાત્ તેમના મુખમાં આવીને મૂકી હોય તેવી કૃતિઓ હતી. આજે પણ આ કૃતિઓ જનસમુદાયમાં લોકમાનસમાં એવી અંકિત થઈ ગઈ છે કે કાળના અંત સુધી ભૂલાશે નહીં. કવિઓની પરંપરામાં એક જૈનાચાર્ય લબ્ધિસૂરીજીનું નામ અમર થયેલું છે. તેમણે હજારો કાવ્યની રચના કરી છે. એમના એક કાવ્યમાં કહે છે, 'ઓ વિશ્વના માનવો! જન્મ લીધો ત્યારથી એક લાલ ફુલડા જેવા જ છો, ખૂબ રૂપાળા, ખૂબ સુંગધીદાર છો, ખૂબ શક્તિવાળા છો, પણ આખરે પુષ્પ જેમ કરમાઈ જાય છે; તેમ તમે પણ કરમાઈને ખરી જશો. માટે જીવન જ્યાં સુધી છે ત્યાં સુધી પરમાત્માને ભજી લો. સદાચાર સેવી લો અને પરહિત કરી લો.'

સાભાર : ચિંતનનો ચિરાગ, લે. આચાર્યશ્રી રાજયશસૂરિ મ.સા., સં. મુનિ યશોશયશવિ. મ.સા.

# બેંકમાં સોનાના ઘરેણાંની અદલા-બદલી

''અરે, નીતુ, કેટલા વખતે તું મળી !' એક લગ્નના રિસેપ્શનમાં નીતા માંડલિયાને તેની બાળપણની સહેલી મનીષા ઝવેરીએ પ્રશ્ન કર્યો.

નીતા મનિષાને ઓળખી ગઈ અને તેણે નોંધ્યું કે મનિષા તેની સાથે વાત કરતી હતી પણ એની નજર તો નીતાએ ગળામાં પહેરેલ હાર ઉપર સ્થિર થઈ ગઈ હતી.

નીતા અને મનિષા શહેરની એક જ ગલીમાં રહેતા હતાં અને નાનપણથી તેઓના સખીપણા હતા. શાળામાં પણ બંને વર્ષો સુધી એક જ ક્લાસમાં ભણેલા.

નીતા સ્કૂલે આવતી ત્યારે કોઈવાર નાકની ચૂક કે કાનમાં બુટિયા પહેરીને આવતી. શાળામાં વિદ્યાર્થીઓને ઘરેણાં પહેરીને આવવાની મનાઈ હતી છતાં નીતા કોઈવાર આ નિયમનો ભંગ કરતી અને ક્લાસ ટીચરનો ઠપકો સાંભળતી. નીતાએ મનિષાને શાળામાં કહેલું, 'મને સોનાના ઘરેણાં પહેરવાનું બહું મન થાય છે.' તે દિવસે નીતા રિસેપ્શનમાં ઘણા આભૂષણો પહેરીને આવેલી. પણ મનિષાને લાગ્યું કે નીતાએ ગળામાં પહેરેલ હાર સોનાનો નથી.

નીતાના લગ્ન વૈભવ આનંદપરા સાથે થવેલા. વૈભવનો પેકિંગ મટીરિયલ બનાવવાનો ઉદ્યોગ હતો. વૈભવ ધંધામાં સાહસિક મનોવૃત્તિવાળો હતો અને ઘણું કમાયો હતો. તે ધ્યાનમાં લેતાં, નીતાએ ગળામાં પહેરેલ હાર સોનાનો કેમ નહિ હોય તેના મનમાં આજ બાબત ઘુમતી હતી. ત્યાં નીતાએ તેને પ્રશ્ન કર્યો, 'એકલી જ આવી છે, ચેતનભાઈ નથી આવ્યા ? 'આવ્યા છે ને ! જો, બોલાવી લાવું.' એટલું બોલતા મનિષાને જાણે એની મૂંઝવણનો ઉકેલ મળ્યો હોય તેમ લાગતાં બાજુમાં અન્ય પુરુષો સાથે વાત કરતાં તેના પતિને તે બોલાવવા ગઈ.

મનિષાએ મોટા અવાજે ચેતનને કહ્યું, 'જુઓને અહીં નીતા તમને યાદ કરે છે. પછી એકદમ ધીમા સ્વરે ચેતનને કાનમાં કહ્યું, 'તમે જોજોને, નીતાએ ગળામાં પહેરેલ હાર અસલી સોનાનો લાગે છે ?' ચેતન ઝવેરીનો સોનાનો ઘરેણાંનો શૉ-રૂમ હતો. મનિષાએ આવો સવાલ શા માટે કર્યો હશે તે પૂછતાં પહેલાં તો મનિષા, ચેતનને નીતા પાસે લઈ ગઈ. ચેતને નીતા સાથે ઔપચારિક વાત કરી. તેની સોનું પારખવાની દૃષ્ટિએ જોઈ લીધું કે નીતાનો હાર સોનાનો નથી. પછી તરત ચેતન પોતાના મિત્રો પાસે પહોંચી ગયો.

થોડા સમય પછી મનિષા ફરી ચેતન પાસે આવી અને પૂછયું, 'નીતાનો હાર સોનાનો લાગે છે ?' ચેતને સામે પ્રશ્ન કર્યો, 'તને એના હારમાં શું આટલો બધો રસ છે ? એ સોનાનો નથી એ હકીકત છે.'

આટલું સાંભળી મનિષા પાછી નીતા પાસે ગઈ. મનિષાએ એકદમ ગંભીર થઈને નીતાને કહ્યું, 'અલી, નીતા ! તને તો નાનપણથી સોનાનાં ઘરેણાં પહેરવાનો શોખ છે તો પછી આવો નૅકલેસ આજે તેં કેમ પહેર્યો છે ?'

નીતાને, મનિષાની વાત સમજાઈ નહીં. તે બોલી, 'કેમ, આ નૅકલેસ તો સોનાનો તો છે.'

ત્યારે મનિષાએ ચોખવટ કરી, 'ના, આ

હાર સોનાનો નથી. એટલે તો પૂછું છું.'

નીતાએ મનિષાને સમજાવવાની કોશિષ કરી, 'આ બધા દાગીના આજે જ બેંકમાંથી લઈ આવેલા છીએ, તો પછી એ સોનાનો કેમ ન હોય ?'

મનિષાએ કહ્યું, 'તું ઘરે જઈને ખાત્રી કરજે. આમાં કંઈક ગેરસમજણ થતી લાગે છે.'

નીતાએ ઘરે જઈને, મનિષા સાથે થયેલી વાત વૈભવને કહી. વૈભવે દાગીનાની ચકણસણી કરાવવાનું નક્કી કર્યું.

વૈભવે પોતાના કારખાનાની મશીનરી માટે બૅન્કમાંથી લોન લીધી હતી અને તેના હપ્તા નિયમિત ભરાતા હતા. એકાદ વર્ષ પહેલા એક મોટું મશીન લેવા માટે બૅન્કમાંથી સોનાના દાગીના સામે રૂપિયા ચાર લાખની લોન લીધી હતી. આ લોનના પણ માસિક હપ્તા નિયમિત ભરાતા હતા.

દરમિયાનમાં નીતાના પિયરમાં સગાંના ઘરે લગ્નપ્રસંગ હતો તેથી નીતાને બૅન્કમાં ગીરવી રાખેલ દાગીનામાંથી નેકલેસ અને બંગડી લાવવાનું મન થયું.

દાગીના સામેની લોનના ઘણાં હપ્તા ભરાઈ ગયા હતા. અત્યારે જેટલી લોનની રકમ બાકી હતી તેની સામે બધા ઘરેણાંની કિંમત ઘણી હતી. તેથી વૈભવ બૅન્કના લોન ઓફિસરને પોતાનાં દાગીનામાંથી નેકલેસ અને બંગડી પાછી આપવા કહ્યું. તે મુજબ લગ્નના આગલા દિવસે વૈભવને બંને દાગીનાની ડિલિવરી મળી હતી. આ દાગીના સોનાના હોય તેવા જણાતા નથી તેવી શંકા નીતાની બહેનપણીએ કરી તેથી વૈભવે તેની ચકાસણી સોની પાસે કરાવી તો જાણવા મળ્યું કે તે બંને ઘરેણામાં અસલી સોનું નથી.

વૈભવને શંકા પડી કે તેના ઘરેણાં બૅન્કમાં બદલાઈ ગયા છે. તેથી તેણે બાકીના ઘરેણાં બૅન્કમાંથી છોડાવી લેવા નક્કી કર્યું. તેના લોનના ખાતામાં હજુ એંશી હજાર રૂપિયા ભરવાના બાકી હતા. તે રકમ ભરવા તેણે જોગવાઈ કરી અને એક સોનીને લઈને તે બૅન્કમાં ઘરેણાં છોડાવવા ગયો.

બૅન્કના લોન ઑફિસરને ઘરેણાંની ડિલિવરી આપવા જણાવ્યું અને એમ પણ કહ્યું કે, 'મારો સોની તે ઘરેણાંની ચકાસણી કરશે.'

વૈભવની વાત સાંભળી લોન ઑફિસર મુકેશને નવાઈ લાગી. તેણે પૂછયું, 'તમે કેમ તમારા દાગીનાની ચકાસણી કરાવવા માગો છો ?' વૈભવે જવાબ આપ્યો, 'જુઓ ભાઈ, આ પહેલાં તમારે ત્યાંથી હું નેકલેસ અને બંગડીઓની ડિલિવરી લઈ ગયો પછી જાણ થઈ કે તે ઘરેણાં બૅન્કમાં બદલાયેલા લાગે છે.'

આ વાત સાંભળીને મુકેશના ચહેરા ઉપરથી જાણે નૂર ઊડી ગયું. તેણે દલીલ કરી, 'પણ અમારી બૅન્કમાં દાગીનાની ડિલિવરી આપતી વખતે આ રીતે ચકાસણી કરાવવાની પ્રથા નથી.' પણ વૈભવે સામે કહ્યું, 'તમે લેતી વખતે ચકાસણી કરાવો તો ડિલિવરી લેતી વખતે ચકાસણી કરાવવાનો અમારો હક્ક છે.'

ત્યારપછી મુકેશે કહ્યું, 'આ બાબત માટે મારે મેનેજરની પરવાનગી લેવી પડશે.' એટલું બોલીને તે નીચેના માળે જવા ઊભો થયો. જતા જતા તેણે લોન ખાતામાં કામ કરતી અવનીને ઈશારો કરીને બોલાવી અને સાથે લીધી.

લગભગ પચ્ચીસ મિનિટ પછી મુકેશ અને અવની પાછા ફર્યા અને મુકેશે વૈભવને કહ્યું, મેનેજર સાહેબ તો હાજર નથી પણ તમો તમારા ઘરેણાંની ચકાસણી કરાવીને ડિલિવરી લઈ શકો છો.'

બૅન્કને આપેલ દાગીના એક સીલ કરેલ પેકેટમાં હતા. અને પેકેટ તિજોરીમાં હતું. મુકેશ અને અવની તે પેકેટ લઈ આવ્યા. પેકેટમાં વીટીઓ, ચૂક, લક્કી, મગમાળા, એરીંગો વગેરે હતા. તે બધાની ચકાસણી વૈભવ સાથે આવેલ સોનીએ કરી અને માલુમ પડ્યું કે તે બધા સાચા સોનાના જ દાગીના છે. પછી લોન ખાતાંમાંથી વૈભવે દાગીનાની ડિલિવરી લઈ લીધી.

બૅન્કમાંથી આ રીતે લીધેલા દાગીના જે પોતે બૅન્કને આપેલા તે જ નીકળ્યા તો પછી નેકલેસ અને બંગડીઓમાં કેવી રીતે સોનું બદલાઈ ગયું તે વૈભવ માટે મોટો કોયડો હતો. વૈભવ અને નીતાની ચિંતા વધી ગઈ. બૅન્કમાં ફરિયાદ કરવી કે નહીં તેનો વિચાર થઈ પડયો. બીજે દિવસે આ બાબત વૈભવે તેના કાકા અતુલભાઈને જણાવી. અતુલભાઈને આ વાતની જાણ થતાં તેને પણ ચિંતા થઈ કારણ કે તેણે પણ સોનાના દાગીના સામે તે જ બૅન્કમાંથી લોન લીધી હતી. તેમણે નક્કી કર્યું કે પોતાના દાગીનાની પણ ચકાસણી કરવી જોઈએ. અતુલભાઈએ દાગીના સામે એક લાખ રૂપિયાની લોન લીધી હતી. તેના હપ્તા ભરાયા ન હતા. એક વર્ષમાં હજુ બે મહિનાની વાર હતી. પરંતુ અતુલભાઈ બીજા જ દિવસે એક સોનીને લઈને બૅન્કમાં પોતાના લોન ખાતામાંથી દાગીના પાછા લેવા પહોંચ્યા.

અતુલભાઈએ જ્યારે પોતાના દાગીના સોની પાસે ચકાસણી કરાવીને લેશે એમ જણાવ્યું ત્યારે બૅન્કના લોન ઑફિસર મુકેશ ગુસ્સે થઈ ગયો હતો. તેણે કહ્યું, 'શું છે આ બધું ? બધાને બૅન્ક ઉપરથી વિશ્વાસ ઊઠી ગયો કે શું ?' મુકેશે દાગીનાની ચકાસણી કરવા દેવાની આના-કાની કરી પણ અતુલભાઈ મક્કમ હતા. પછી મુકેશ, 'મેનેજરની પરવાનગી લેવી પડશે' એમ કહીને ત્યાંથી નીચે જવા ઉપડી ગયો.

મુકેશે મેનેજરની કેબિનમાં જઈને રાજદેવ સાહેબને કહ્યું, ''સર, હમણાં ફોન આવ્યો છે કે મારી પત્નીને પેટમાં સખત દર્દ થાય છે અને તેને હોસ્પિટલમાં લઈ જવાની છે, તો હું અત્યારે જવા રજા લેવા આવ્યો છું. અત્યારે એક સોનાના ઘરેણાં સામેની લોનના ખાતેદારનું ખાતું બંધ કરવાનું છે. તો હું અન્ય ઑફિસરને ચાવી સોંપી ઘરે જાઉં ?

મેનેજર રાજદેવને, મુકેશની પત્ની બીમાર થઈ હોવાની વાત સાંભળી સહાનુભૂતિ થઈ. તેમણે અન્ય ઑફિસર વિકાસ ત્રિવેદીને બોલાવીને, મુકેશ પાસેથી સેઈફની ચાવી લઈ લેવા જણાવ્યું. વિકાસ ચાવી લઈને ઉપરને માળે લોન ખાતુ બંધ કરવાની વિધિ માટે ગયો અને મુકેશ બૅન્કમાંથી બહાર નીકળી ગયો.

વિકાસને જ્યારે જાણ થઈ કે અતુલભાઈ પોતાના ઘરેણાંની ચકાસણી કરીને ડિલિવરી લેવાના છે ત્યારે તેને નવાઈ લાગી. તેણે અંદરની લાઇન ઉપરથી આ અંગે મૅનેજરને ફોન કર્યો. ત્યાર પછી મેનેજર પોતે લોન ખાતામાં આવ્યા. બધી વિગતો જાણી અને છેવટે ઘરેણાંની ચકાસણી કરવા દેવાનું નક્કી થયું.

લોન ખાતાની ક્લાર્ક અવનીને સાથે લઈને વિકાસે અતુલભાઈના ઘરેણાંનું પેકેટ સેઈફમાંથી બહાર કાઢ્યું. પછી ઘરેણાંની ચકાસણી અતુલભાઈના સોની મારફત શરૂ કરી.

સોનીએ ચકાસણી કરીને કહ્યું, ''આ બધા ઘરેણાંમાં જે બે નેકલેસ છે તે સોનાના નથી. બાકીના અસલી સોનાના છે.'

સોનીની આ વાત સાંભળી મેનેજર રાજદેવ, વિકાસ અને અતુલભાઈ રીતસર ચોંકી ઊઠયા.

અતુલભાઈએ ઊંચા અવાજે બૅન્ક ઉપર ઘરેણાં બદલાવી લેવાનો આક્ષેપ કર્યો અને તે ઘરેણાં સ્વીકારવાની ના પાડી દીધી. અતુલભાઈએ ધમકી આપી કે, 'મારે તો પોલીસમાં ફરિયાદ લખાવવી પડશે.'

મૅનેજરે અતુલભાઈને શાંત પાડી હાલ તુરંત કોઈ કેસ ન કરવા વિનંતી કરી. તેણે એમ પણ કહ્યું કે, 'જો તમારી ફરિયાદ સાચી હશે તો હેડ ઑફિસમાંથી મંજુરી મેળવી તમને થયેલું નુકસાન ભરપાઈ કરાવી દઈશું.'

ઘણી સમજાવટ પછી અતુલભાઈ પોલીસ ફરિયાદ કરવામાં એક દિવસ રાહ જોવા સંમત થયા.

મૅનેજરે પછી બૅન્કના પ્રાદેશિક અધિકારીને બધી વાત કરી. સાથોસાથ મુકેશને ઘરેથી બૅન્કમાં તુરંત બોલાવી લાવવા માણસ મોકલ્યો.

મુકેશને બોલાવવા ગયેલ માણસે ખબર આપ્યા કે, મુકેશની પત્ની રસીલા તો ઘરે જ છે. રસીલાએ કહ્યું કે, 'મુકેશ તો બૅન્કે ગયેલ છે. ઘરે આવેલ નથી.'

બીજે દિવસે બૅન્કની પ્રાદેશિક કચેરીમાંથી બે ઓફિસરો શાખામાં આવ્યા અને આ પ્રકરણની તપાસ શરૂ કરી.

દરમિયાનમાં પોતાના ઘરેણાં સામે યોગ્ય વળતરની કોઈ ખાત્રી ન મળતા અતુલભાઈએ પોલીસમાં ફરિયાદ નોંધાવી દીધી. પોલીસ ફરિયાદને કારણે બૅન્કમાં ઘરેણાં બદલાઈ ગયા હોવાની વાત ગામમાં ફેલાઈ ગઈ અને જે લોકોએ સોનાના ઘરેણાં સામે લોન લીધેલી તેઓ ટોળાબંધ બૅન્કમાં પહોંચી ગયા. બૅન્કની શાખામાં મોટો હોબાળો મચી ગયો. સ્થિતિને સંભાળવા પોલીસનું રક્ષણ લેવું પડ્યું,

મુકેશના ઘરે વારંવાર અને સતત તપાસ કરતાં માલૂમ પડ્યું કે તે બહારગામ ભાગી ગયો હતો. શાખામાં સાંજ સુધીમાં બૅન્કના વિભાગીય અધિકારી હાજર થયા. બધા અધિકારીઓએ ભેગા થઈ આ ગંભીર બાબતમાં શું કરવું તેની વિચારણા કરી. બૅન્કની મુંબઈ ખાતેની ઓફિસની સલાહ લઈ બીજે દિવસે સ્થાનિક છાપાંમાં જાહેરાત કરી કે બૅન્કના એક અધિકારીએ સોનાના ઘરેણાંની ફેરબદલીની ગેરરીતિ આચરી છે. બેન્કમાં રાખેલા બધા જ ઘરેણાંની ફરીથી ચકાસણી કરવામાં આવશે અને જે ઘરેણાંઓ બદલાઈ ગયા હશે તેની સામે બૅન્ક યોગ્ય વળતર ચૂકવશે. બૅન્કના મૅનેજરે ફરાર થયેલ મુકેશ સામે પોલીસ ફરિયાદ કરી.

બૅન્કે તુરંત લોન ખાતામાં આવેલા ઘરેણાંની ચકાસણી પોતાના વેલ્યુઅર પાસે કરાવવાનું શરૂ કર્યું. સૌના આશ્ચર્ય વચ્ચે જાણવા મળ્યું કે ઘરેણાંઓ પૈકી નેકલેસ અને બંગડીઓ

બદલવામાં આવી છે. લગભગ પચાસ લાખના ઘરેણાં બદલાઈ ગયા હતા. દરમિયાનમાં પોલીસે મુકેશને શોધવાની કાર્યવાહી શરૂ કરી. બૅન્કના મેનેજર અને અન્ય કર્મચારીઓના સ્ટેટમેંટ પોલીસે લીધા. તેમાં પોલીસ ઈન્સ્પેક્ટરને લાગ્યું કે, મુકેશ સાથે લોન ખાતામાં કામ કરતી અવની આ ગેરરીતિમાં ભાગીદાર હશે અથવા તેને પૂરી માહિતી હશે. તેથી પોલીસે અવનીની ગતિવિધિ તથા ફોનથી થતી વાતચીત ઉપર નજર રાખવાનું નક્કી કર્યું.

લગભગ ત્રણ અઠવાડિયા પછી અવનીના ઘરના ફોનની રીંગ રાતના નવના સુમારે વાગી. પોલીસે રાખેલ વોચ ઉપરથી તેઓને વહેમ ગયો કે અવનીએ મુકેશ સાથે વાત કરી હતી.

પોલીસે અવનીને તુરંત કસ્ટડીમાં લીધી અને તેની સાથેની પૂછપરછમાંથી પૂરી કહાની જાણવા મળી.

અવની પરિણીત હતી. તેને કોઈ બાળક ન હતું. મુકેશ અને અવની લોનખાતામાં કામ કરતાં એકબીજાના પ્રેમમાં હતા. મુકેશ અવનીને અવારનવાર કિંમતી ભેટો આપતો. મોજમજાનું જીવન ગાળવામાં પૈસાની જરૂર પડી ત્યારે અવનીએ જ ઉપાય બતાવ્યો કે લોન ખાતામાં આવેલા સોનાના ઘરેણાં શીફતથી બદલાવી શકાય. મુકેશે બગસરાથી આવેલ સોનાના ડુપ્લીકેટ ઘરેણાં બનાવવામાં હોશિયાર એવો એક કારીગરને શોધ્યો. લોન ખાતામાં આવેલા મોટા દાગીના, નેકલેસ બંગડી વગેરે તેઓ તફડાવી લેતા અને તેવા જ બનાવટી દાગીના બનાવવા કારીગરને આપતા.

દાગીનાના પેકેટો જે તિજોરીમાં રાખવામાં આવતા તે બે ચાવીથી ખોલી શકાતી. એક ચાવી મેનેજર પાસે હતી અને બીજી મુકેશ પાસે રહેતી. દિવસ દરમિયાન તિજોરી ખોલવાની જરૂર ઊભી થાય ત્યારે મૅનેજરે વારંવાર ઉપર આવવું ન પડે તેથી સવારે જ એકવાર મૅનેજર પોતાની ચાવી લગાડી દેતા અને દિવસ દરમિયાન મુકેશ પોતે એકલાની ચાવીથી તિજોરી ખોલતો. આ ગેરવ્યવસ્થાને કારણે મુકેશને દાગીના બદલવાની સગવડ મળી ગઈ.

ક્યા પેકેટમાંથી ક્યા દાગીના બદલાવાયેલ છે, તેનું વજન, કિંમત, તારીખ વગેરેની વિગતવાર નોંધ અવની પાસે રહેતી.

વૈભવ જ્યારે સોની સાથે દાગીનાની ડિલિવરી લેવા આવેલ ત્યારે મુકેશે અવનીને પૂછીને ખાત્રી કરી લીધી હતી કે બાકીના દાગીના બધા સોનાના છે. તેથી વૈભવની ચકાસણી વખતે તેઓની ગેરરીતિ પકડાઈ નહીં.

ચોરી કરાયેલા દાગીના વેચીને જે કિંમત ઊપજતી તે બંને વહેંચી લેતાં અને વૈભવી જીવન જીવતા. તેઓએ પોતાના ફ્લેટ, મોટર વગેરેમાં ઘણા ખર્ચ કર્યા હતા.

અવની તરફથી મળેલ માહિતીને આધારે પોલીસને મુકેશનું પગેરુ દબાવવામાં મદદ મળી અને મુકેશ પોલીસના હાથમાં સપડાઈ ગયો.

જે લોનધારકોના દાગીના બદલાયેલા તેઓને બૅન્કે વળતર ચૂકવવું પડ્યું અને તેમાં બૅન્કને લાખો રૂપિયાની ખોટ ગઈ.

બૅન્ક પાસે દાગીનાની ચોરી સામેનો વીમો હતો. પણ વીમા કંપનીએ તો બૅન્કને જણાવી દીધું

(અનુસંધાન પાના નં. ૨૦ ઉપર)

## શાશ્વત ભૌતિકશાસ્ત્ર

ઈઝરાયેલના તત્કાલીન પ્રેસિડેન્ટ મિ. ચાઈમવાઈઝમાનના અકાળ અવસાન બાદ ૧૯૫૨માં મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈનને ઈઝરાયેલના પ્રેસિડેન્ટનું પદ ગ્રહણ કરવા ચારે તરફથી ભારે દબાણ કરવામાં આવ્યું.

એ સમયે ઈઝરાયેલના રાજદૂત અને અત્યંત વિચક્ષણ રાજકારણી શ્રી અબ્બા ઍબાન સાથે આઈન્સ્ટાઈને મિટિંગ યોજી. મહાન વૈજ્ઞાનિકે પ્રેસિડેન્ટનું પદ સ્વીકારવાનો ઈન્કાર કરતાં કહ્યું, ''મને માત્ર વિજ્ઞાનમાં જ રસ છે. હું માણસજાત વિષે કંઈ જ નથી જાણતો. આ દેશે અને નાગરિકોએ મારા પર મૂકેલા વિશ્વાસની હું કદર કરું છું અને સર્વેનો આભાર માનું છું. હું ભારે હૃદયે માત્ર એટલું જ કહું છું કે ''આ ઑફર નકારતા હું ખૂબ વ્યથા અનુભવું છું. આખી જિંદગી મેં ફિઝિક્સના શોધ-સંશોધનમાં વીતાવી છે. માણસો સાથે કામ કરવાની કે તેમની પાસે કામ કરાવવાની આવડત હું ગુમાવી ચૂક્યો છું. સરકારી કામની તો મને બિલ્કુલ ફાવટ નથી. મુખ્યત્વે આ બે કારણોને લીધે જ હું આ પદ સ્વીકારતાં અચકાઉં છું. અને હા, હું ઘરડો પણ થવા લાગ્યો છું.'' (જો કે મહાન ભૌતિકશાસ્ત્રી સ્ટીફન હોકિંગ તેમના પુસ્તક 'અ યુનિવર્સ ઈન નટશેલ'માં આ જ પ્રસંગનો સહેજ જુદો અર્થ તારવતાં લખ્યું છે કે આઈન્સ્ટાઈને ઈઝરાયેલની પ્રેસિડૅન્ટશીપ નકારી તેનું મુખ્ય કારણ એ હતું કે તેઓ કહેતા કે ''પોલિટિક્સ ઈઝ ફોર ધ મૉમેન્ટ...માય ઈક્વૅશન્સ આર ફૉર ઈટરનિટી.''—રાજકારણ ક્ષણિક છે. મારાં વૈજ્ઞાનિક સમીકરણો શાશ્વત છે.) કારણ જે કોઈ હોય. આપણા ઘીટ રાજકારણીઓ આમાંથી કાંઈ પાઠ ભણશે ? * * *

## રામક્રિષ્ન પરમહંસ

મા કાલિકાના પરમભક્ત અને સ્વામી વિવેકાનંદના ગુરુ રામકૃષ્ણ પરમહંસ (૧૮૩૬-૧૮૮૬)ને ગળાનું કૅન્સર થયું હતું અને તેઓ મરણપથારીએ હતા ત્યારની વાત છે. એ જમાનામાં કૅન્સરની દવાઓ રેડિયેશન કે કીમોથેરેપી શોધાયાં ન હતા. દેશી દવાની સારવાર ચાલતી હતી. એક દિવસ કલકત્તાથી એક વિદ્વાન તેમની ખબર કાઢવા આવ્યા. સ્વામીજીને જોઈને તેમણે કહ્યું, ''આ રોગની કોઈ દવા નથી. તમે માતાજીને ત્રણ વાર પ્રાર્થના કરો અને વિનંતી કરો કે આ બીમારીમાંથી તમને છૂટકારો અપાવે. હવે બીજો કોઈ ઉપાય નથી.''

સ્વામીજી વેદના હોવા છતાં શાંતિથી બોલ્યા, ''ભાઈ શશીધર, મા કાલીને તો ખબર જ છે કે મારે શું જોઈએ છે. આજ સુધી મેં મા પાસે કાંઈ જ નથી માંગ્યું તો હવે અહીં મરણપથારીએ શા માટે માંગું ?''

* * *

## ઇદં એવ હી પાંડિત્યં

પૉલેન્ડના એક યહૂદી ધર્મગુરુના જીવનમાં બનેલી આ સત્ય ઘટના છે.

હૉફૅઝ ચાઈમ નામના પૉલિશ ધર્મગુરુને મળવા અમેરિકાથી એક પ્રવાસી આવ્યા. સંતના ઘરમાં થોડાં પુસ્તકો સિવાય કંઈ જ રાચરચીલું ન હતું. અમેરિકન મહેમાને સંતને પૂછ્યું :

''સંત, આપના ઘરનું ફર્નિચર ક્યાં છે ?''

સંતે મહેમાનને સામો પ્રશ્ન કર્યો, ''ભાઈ, તારું ફર્નિચર ક્યાં છે ?''

(અનુસંધાન પાના નં. ૭ ઉપર)

શુદ્ધ વ્યક્તિત્વ

# અબ્રાહમ લિંકન

આજનાં વિશ્વમાં સૌથી કરુણ ઘટના કઈ ?

તે એ છે કે વિશ્વમાં માણસોની વસતી સતત વધે છે, પણ ''સાચા માણસો'' ઘટતા જાય છે. આજે કૌભાંડો, લાલચો, દાદાગીરી વચ્ચે સહજ, પ્રામાણિક વ્યક્તિ શોધવી મુશ્કેલ પડે છે. સત્તાધારીઓ, ધનવાનો વગેરેની ધાંધલ અને અપ્રમાણિકતાએ વ્યક્તિનિષ્ઠાને તળીએ બેસાડી દીધી છે. ત્યારે સહજ-સરળ વ્યક્તિત્વ-ખાસ કરીને સત્તાધારી કે કોઈ વ્યાવસાયિક વ્યક્તિ જોવી કે તેના વિષે સાંભળવું દોહ્યલું બનતું જાય છે.

આવા સમયે અમેરિકાના એક પ્રમુખ અબ્રાહમ લિંકન ખૂબ યાદ આવે છે. નિરાશાના ખૂબ ફટકા પડ્યા છતાં તેના સામે ઝઝૂમી દેશના પ્રમુખ થનાર, દેશમાં ગુલામીનાં કલંકને પોતાના જીવનના ભોગે પણ દૂર કરનાર આ મહામાનવનું જીવન આજે પણ દીવાદાંડીરૂપ બની શકે તેમ છે. પોતાનો વકીલાતનો વ્યવસાય હોય કે રાષ્ટ્રપ્રમુખપદે હોય, લિંકન વ્યક્તિ તરીકે ખૂબ સરળ, સહજ, નખશિખ પ્રામાણિક હતા. નાના નાના પ્રસંગો એની સાક્ષી પૂરે છે. આજના ''બોફોર્સીયા'' યુગમાં આવું બને—તેવો પ્રશ્ન થાય, પણ લિંકન તો હતા તે તેમના પ્રસંગો કહે છે.

વકીલ એટલે અસીલને લૂટે, તેના કેસો લંબાવ્યા કરે એવી છાપ સામાન્ય માણસના મનમાં હોય છે અને મોટે ભાગે, ખોટી પણ નથી. લિંકન જુદી માટીના માનવ હતા.

એક વખત તે અદાલતમાં કિસ્સાની રજૂઆત કરતા હતા. અચાનક તેમને લાગ્યું કે તે તદ્દન અસત્ય આચરતા હતા. એટલે તરત તેને વચ્ચેથી પડતો મૂકી અદાલતમાંથી ચાલ્યા ગયા.

લિંકનના આવાં વિચિત્ર વર્તનથી ન્યાયાધીશ સહિત બધાને નવાઈ લાગી. તેમને થયું કે તે ગાંડા થઈ ગયા હતા કે શું ? થોડીવાર પછી ન્યાયાધીશે તેમને બોલાવ્યા. લિંકને ન્યાયાધીશ પાસે પોતાના અસભ્ય વર્તનની માફી માગી અને કહેવડાવ્યું, ''મારા હાથ એટલા બધા મલિન થઈ ગયા છે કે આવા કલુષિત હાથે હું આ પવિત્ર અદાલતમાં હાજર થઈ શકું તેમ નથી. માટે આપની ક્ષમા માગું છું.''

* * *

એકવાર બે ખેડૂતો ઝગડી પડ્યા. એક લિંકન પાસે ગયો અને પોતાનો કેસ લડવા કહ્યું. લિંકને તેને કહ્યું, ''આમ ઝગડશો તો પેઢીઓ સુધી તે ચાલશે. નકામા વેરઝેર વધશે. તમારો સામેવાળો પણ મારી પાસે જ આવ્યો છે. માટે તમે બંને મારી કચેરીમાં બેસો અને હું ઘેર જમી આવું ત્યાં સુધી અંદરોઅંદર સમજૂતી પર આવી જજો. તમને કોઈ દખલ ન કરે માટે બહારથી તાળું મારી જાઉં છું.''

કહી લિંકને બંનેને કચેરીમાં બેસાડી બહારથી તાળું મારી દીધું અને ચાલ્યા ગયા. સાંજ સુધી પાછા ન આવ્યા. પેલા બે તો પોતાને આ રીતે કેદ જોઈને હસી પડ્યા. પરિણામે હળવા થઈ ગયા. લિંકન પાછા આવ્યા ત્યારે બંને આપસમાં સમજૂતી પર આવી ગયા હતા.

લિંકને તેમની પીઠ થાબડી વિદાય કર્યા.

તેમની પાસે એક નવો વકીલ સલાહ લેવા આવ્યો. તેને જે સલાહ આપી છે તે બધાને કામ આવે તેવી છે. તેણે કહ્યું, ''પ્રથમ તો અસીલોને પરસ્પર સુલેહ કરવા સમજાવજો. અદાલતે ચડવા કોઈને ઉત્તેજન ન આપજો. કોઈ પણ સંયોગોમાં પ્રામાણિક રહેવા નિશ્ચય કરો. જો એમ લાગે કે હું વકીલ તરીકે પ્રામાણિક રહી શકું તેમ નથી, તો વકીલાત બદલે પ્રામાણિક થવાનો મક્કમપણે નિશ્ચય કરજો....''

''કોઈની મદદ વિના જ અભ્યાસ કરજો. મહત્ત્વના મુદ્દા સમજાય ત્યાં સુધી અભ્યાસ કરવો. અભ્યાસ કરવા મોટાં શહેરમાં જ હોવું કંઈ અગત્યનું નથી. મેં તો ન્યુ સાલેમમાં અભ્યાસ કર્યો હતો. જેની વસતી ૩૫૦ લોકોની હતી....''

''એટલું ધ્યાનમાં રાખજો કે સફળ થવાનો તમારો દૃઢ સંકલ્પ એ બીજી કોઈ વસ્તુ કરતાં વધુ મહત્ત્વનો છે.''

* * *

એક સ્થાનિક ચૂંટણીમાં લિંકન જીત્યા. ચૂંટણી પૂરી થઈ ત્યારે લિંકને પોતે ખર્ચ માટે જે રકમ મળી હતી તેનો હિસાબ આપ્યો. પોતાને મળેલ ૨૦૯ ડોલરમાંથી ૭૫ સેન્ટ (૧૦૦ સેન્ટ એટલે એક ડોલર) રાખી બાકીની રકમ પાછી મોકલાવી અને લખ્યું, ''હું મારા ઘોડા ઉપર જ ફરતો હતો. મિત્રો-ઓળખીતાઓને ઘેર જ ઉતરતો હતો. તેથી મને કશું ખર્ચ થયું નથી. આ પંચોતેર સેન્ટ પણ અમુક ખેતમજૂરોએ આગ્રહ કર્યો એટલે તેમના સાથે પીણું પીવાના થયા હતા.''

* * *

કૃષ્ણ-સુદામાની વાતો આપણે સાંભળી છે. ''આવું હોય ?'' એવો આપણને વિચાર આવે. પણ તેમાં આશ્ચર્ય નથી. મહાન લોકોનાં હૃદય ખૂબ સરળ હોય છે. લિંકનનો પણ આવો જ બનાવ બન્યો હતો.

લિંકનના બાળપણનો મિત્ર જૉન હેન્કસ એકવાર 'વ્હાઈટ હાઉસ'માં આવી ચડ્યો. દરવાજા પાસે તેને વિચાર આવવા માંડ્યા કે ''ક્યાં હું અને ક્યાં અબ્રાહમ ? મને ગરીબ ગામડિયાને તે ઓળખશે ? કદાચ ઓળખશે તો મને આવકારશે ?''

મનમાં ને મનમાં કે ગૂંચવાતો હતો. ત્યાં લિંકનની નજર તેના પર પડી. તે તો દોડ્યા અને પ્રેમથી હેન્કસને ભેટી પડ્યા. ભૂતકાળની વાતો પૂછવા લાગ્યા. તેને બે-ચાર દિવસ પોતા પાસે રાખ્યો. વિદાય વખતે સરસ ઘડિયાળ પણ ભેટ આપી.

* * *

આવા લોકોની ખૂબી એ હોય છો કે શ્રેષ્ઠ પળોમાં પણ તેઓ ''નિયમિતપણા''નો ભાવ અનુભવે છે. તેથી ગર્વથી છકી જતા નથી. લિંકનને પણ ગુલામી દૂર કરવા માટે જે આંતરવિગ્રહ કરવો પડ્યો તેમાં વિજય મળ્યો. પછી તે દક્ષિણમાં રાજ્યોની મુલાકાતે ગયા. ત્યારે હબસીઓના ટોળેટોળાં તેમના આ મુક્તિદાતાનાં દર્શન કરવા ઊભાં હતાં. તેને જોઈને આભારવશ અને ભક્તિવશ થઈ બધાં તેમને ઘૂંટણીયે પડ્યા અને પગ ચૂમવા લાગ્યા.

ત્યારે સંકોચ અને ક્ષોભથી લિંકને તેમને કહ્યું, ''મિત્રો, મારી આગળ ઘૂંટણીયે ન પડો. તે વ્યાજબી નથી. ઘૂંટણીયે તો માત્ર ઈશ્વર આગળ જ પડાય હું તો ઈશ્વરનું મામૂલી સાધન માત્ર છું.

હવે પછી તમે જે સ્વતંત્રતા ભોગવવાનો છો તે માટે ઈશ્વરનો પાડ માનજો.''

● અબ્રાહમ લિંકન, હજારો ગરીબોના મુક્તિદાતા અને અમેરિકનોનો ઋષિ આજે પણ તેને યાદ કરીએ તો મસ્તક આદરથી નમી જાય. તે લોકશાહીના પ્રબળ પ્રણેતા હતા....જુવો તો ખરા, તેમના લોકશાહી વિશેના ખ્યાલો...

● ''કોઈના પણ ગુલામ બનવાનું હું ઈચ્છું નહીં. તે જ પ્રમાણે કોઈના માલિક બનવાની ઈચ્છા પણ હું ન રાખું. લોકશાહીની મારી સમજ એટલામાં સમાઈ જાય છે. એનાથી જે કંઈ ભિન્ન છે, તે જેટલે અંશે ભિન્ન છે તેટલે અંશે લોકશાહી નથી.''

● ''બીજાને જે સ્વતંત્રતા આપવા માગતો નથી, તે પોતે પણ સ્વતંત્રતા મેળવવાને યોગ્ય રહેતો નથી.''

● ''સમસ્ત પ્રજાએ પોતાના સિવાય બીજા કોઈના પણ હાથમાં કદીય ન સોંપવા જેવી જો કોઈ બાબત હોય તો તે પોતાની સ્વતંત્રતા અને દેશનાં સંરક્ષણ અને જાળવણીની છે.''

● ''મારા વિચાર કોઈક બાબતમાં ખોટા છે એમ મને જણાશે કે તરત તેનો ત્યાગ કરતા હું અચકાઈશ નહીં.''

સાભાર : મુઠ્ઠી ઊંચેરા માનવીઓ,
લે. હરેશ ધોળકિયા

## શિક્ષણ જાણે ઉત્સવ જેને

અપ-ટુ-ડેટ કપડાંમાં સજીધજીને હાઈસ્કૂલે આવેલા મેટ્રિકના વિદ્યાર્થીઓને પ્રાર્થનામાં તો સામેલ કરી શકાયા. હવે રહ્યું જબરું કામ : તેઓ સફાઈ-કામ કરવાનું પસંદ કરશે ખરા? પ્રાર્થના પૂર્વે જ નજીકમાં સાવરણા ગોઠવી રાખ્યા હતા; અને સાવરણે-સાવરણે બાંધેલા હતા ઘૂઘરા! પ્રાર્થના પૂરી થઈ તે પછી એક શિક્ષકે ઘૂઘરાના રણકારે મેદાન વાળવાનું શરૂ કર્યું અને તેના તાલે ખેંચાઈને વિદ્યાર્થીઓએ પણ સાથ આપ્યો અને નાચ-તાલ સાથે શાળાનું મેદાન ચોખ્ખુંચણાક!

૧૯૪૭ના અરસામાં પોરબંદર ખાતેની ભાવસિંહજી હાઈસ્કૂલમાં બનેલી આ ઘટનાના સૂત્રધાર હતા પેલા શિક્ષક - શ્રી રતિલાલ છાયા.

સાભાર : મુઠ્ઠી ઉંચેરા માનવરત્નો, પૃ. ૩૪૭

| | |
|---|---|
| રવાના :<br>''ગોરસ''<br>૧૫, મોહનનગર<br>સોસાયટી,<br>મુ.ગઢડા(સ્વા.)<br>૩૬૪૭૫૦,<br>જિ. બોટાદ | પ્રિન્ટેડ મેટર<br><br>To, શ્રી |